પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મહારાષ્ટ્ર પોલીસમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૯૯ કર્મચારી પોઝિટિવ : હાલ ચાર હજારથી વધારે કર્મચારીઓ સારવાર હેઠળ

મુંબઈ,

છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ટોચના ૯૫ પોલિસ અધિકારીઓ સહિત ૪૯૯ કર્મચારીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૮૨૧ પોલીસ અધિકારીઓ અને ૩૨૬૯ કર્મચારીઓ મળીને કુલ ૪૦૯૦ લોકો પોઝિટિવ છે. જેમાં અમુક હોમઆઈસોલેશનમાં અને અમુક હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

દેશમાં કોરોનાના વધી રહેલા કેસ વચ્ચે સુપ્રીમ કોર્ટના ૧૦ જજ અને ૪૦૦થી વધુ કર્મચારીઓને કોરોના થયો છે. ચીફ જસ્ટિસ સહિત સુપ્રીમ કોર્ટના ૩૨ જજોમાંથી અત્યાર સુધીમાં ૧૦ જજ કોરોનાથી પોઝિટિવ થયા છે. આ સાથે જ લગભગ ૩,૦૦૦ કર્મચારીઓમાંથી ૪૦૦થી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. સુપ્રીમ કોર્ટે ૨ જાન્યુઆરીએ કોરોનાના કેસોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ૩ જાન્યુઆરીથી બે અઠવાડિયા સુધી તમામ સુનાવણી ડિજિટલ રીતે હાથ ધરવાનું નક્કી કર્યું હતું.હળવા લક્ષણોવાળા કર્મચારીઓને તેમના ઘરે જ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે જ્યારે ગંભીર રીતે બીમાર કર્મચારીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માત્ર ૯ દિવસમાં સંક્રમિત જજોની સંખ્યા બમણી થઈ ગઈ છે. મળતી માહિતી મુજબ બે જજ સાજા થઈ ગયા છે જ્યારે બાકીના ૮ જજ હોમ આઈસોલેશનમાં છે. મુખ્ય ન્યાયાધીશ સમગ્ર મામલાની દેખરેખ રાખી રહ્યા છે.



છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨ લાખ ૮૨ હજાર ૯૭૦ નવા કેસ સામે આવ્યા છે. જે આગળના દિવસ કરતા ૪૪૮૮૧ વધારે છે. આ દરમિયાન ૧ લાખ ૮૮ હજાર ૧૫૭ લોકો સાજા પણ થયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૪૪૧ લોકો મૃત્યુ પામ્યા છે. અત્યાર સુધીમાં ઓમિક્રોનના કેસ ૮,૯૬૧ થયા છે. હવે દેશમાં કુલ એક્ટિવ કેસ ૧૮ લાખને પાર થઈ ગયા છે. હાલમાં એક્ટિવ કેસની કુલ સંખ્યા ૧૮ લાખ ૩૧ હજાર છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકે ચિંતા વધારી છે, જ્યાં ફરી કેસ વધી રહ્યા છે. જોકે દિલ્હીમાં કેસમાં ઘટાડો થયો છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કેસમાં ૨૬%નો વધારો થયો છે. અહીં ૩૯,૨૦૭ નવા કેસ મળી આવ્યા છે, જ્યારે ૩૮,૮૨૪ લોકો સાજા થયા છે. આ દરમિયાન ૫૩ લોકોનાં મૃત્યુ પણ નોંધાયા હતા, જે ત્રીજી લહેરમાં એક જ દિવસમાં રાજ્યમાં નોંધાયેલો સૌથી મોટો મૃત્યુઆંક છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ હવે ૨,૬૭,૬૫૯ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ઓમિક્રોન વેરિયન્ટનો નવો કેસ નોંધાયો નથી. મુંબઈમાં કોરોનાના ૬,૧૪૯ નવા કેસ નોંધાયા છે અને ૭ દર્દીનાં મોત થયાં છે.

કર્ણાટકમાં કોરોનાનો પોઝિટિવિટી દર ૨૨%ને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં ૪૧,૪૫૭ નવા કેસ નોંધાયા છે અને ૨૦ લોકોનાં મોત થયાં છે. અગાઉ સોમવારે ૨૭,૧૫૬ લોકો સંક્રમિત જોવા મળ્યા હતા, જ્યારે ૭૮૨૭ લોકો સાજા થયા હતા અને ૧૪ દર્દીનાં મોત થયાં હતાં. પોઝિટિવિટી દર ૧૨.૪૬% હતો. કર્ણાટક રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૩૨.૮૮ લાખ પર પહોંચી ગઈ છે. ૩૮૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે.

બીજી તરફ દિલ્હીમાં સતત પાંચમા દિવસે દૈનિક કેસમાં ઘટાડો જોવા મળ્યો હતો. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૬૮૪ નવા કેસ અને ૩૮ મૃત્યુ નોંધાયા છે. પોઝિટિવિટી દર ૨૨.૪૭% હતો. રાજધાનીમાં એક્ટિવ કેસ ૭૮,૧૧૨ છે. દિલ્હીમાં ૧૩ જાન્યુઆરીથી સતત કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. દિલ્હીમાં ૧૩ જાન્યુઆરીએ ૨૮,૮૬૭ નવા કેસ અને ૧૪ જાન્યુઆરીએ ૨૪,૩૪૩, ૧૫ જાન્યુઆરીએ ૨૦,૭૧૮, ૧૬ જાન્યુઆરીએ ૧૮,૨૮૬ અને ૧૭ જાન્યુઆરીએ ૧૨,૫૨૭ કેસ નોંધાયા હતા.

દિલ્હી સરકાર તેના સિનિયર નર્સિંગ અધિકારીઓને ખાનગી હોસ્પિટલોમાં નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરશે. આ કોવિડ-૧૯ દર્દીઓના મેનેજમેન્ટમાં મદદ કરશે અને વેક્સિનેશનનું મોનિટરિંગ પણ કરી શકાશે.જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪,૬૫૧ કોરોનાના નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં એક જ દિવસમાં કોરોનાના નવા કેસની આ સૌથી વધુ સંખ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં એક્ટિવ કેસ ૨૧,૬૭૭ છે.૧૫-૧૮ વય જૂથના ૫૦%થી વધુ કિશોરોને કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. ૫૦ લાખથી વધુ વૃદ્ધો, હેલ્થકેર અને ફ્રન્ટલાઈન કામદારોને પ્રિકોશનરી ડોઝ પણ આપવામાં આવ્યો છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસમાં ૧૮ ટકાનો વધારો

દેશમાં કોરોના વાયરસના નવા કેસમાં તોતિંગ વધારો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨.૮૨ લાખ નવા કોવિડ કેસ નોંધાયા છે. જે મંગળવારની સરખામણીએ ૧૮ ટકા વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૪૪૧ લોકોના કોરોનાથી મોત થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૮૭,૨૦૨ લોકો મહામારીના કારણે જીવ ગુમાવી ચૂક્યા છે. નવા વેરિએન્ટ ઓમિક્રોનના કેસમાં પણ આજે વધારો જોવા મળ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોનાના નવા ૨,૮૨,૯૭૦ કેસ નોંધાયા છે. જે ગઈ કાલ કરતા ૪૪,૮૮૯ હજાર કેસ વધુ છે. એક દિવસમાં ૧,૮૮,૧૫૭ લોકો રિકવર પણ થયા છે. હાલ દેશમાં કોરોનાના ૧૮,૩૧,૦૦૦ દર્દીઓ સારવાર હેઠળ છે.

દેશમાં હાલ ડેઈલી પોઝિટિવિટી રેટ ૧૫.૧૩% એ પહોંચ્યો છે. ઓમિક્રોનની વાત કરીએ તો અત્યાર સુધી કુલ ૮,૯૬૧ ઓમિક્રોન કેસ નોંધાયા છે. ગઈ કાલ કરતા ૦.૭૯% નો વધારો જોવા મળ્યો છે.

ત્રિપુરામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૩૮૫ નવા કેસ નોંધાયા છે, ૪૯૨ સાજા થયા છે અને ૪ મૃત્યુ થયા છે. રાજ્યમાં ૬,૪૯૧ એક્ટિવ કેસ છે.આસામમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૮,૦૭૨ નવા કેસ અને ૧૬ મૃત્યુ નોંધાયા છે. આ દરમિયાન પોઝિટિવિટી દર ૧૩% રહ્યો છે.

## ગુજરાતનો દરિયો તોફાની બનશે, કાલથી ત્રણ દિવસ માવઠાની આગાહી કરવામાં આવી

ગાંધીનગર,

આ વર્ષના શિયાળામાં કમોસમી વરસાદ, માવઠાના કારણે સામાન્ય લોકો સહિત ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. વારંવાર બદલાતા વાતાવરણને કારણે મોટાભાગે તમામ ઘરોમાં શરદી ખાંસીનાં દર્દીઓ જોવા મળી રહ્યા છે. ત્યારે ગુરુવારથી, એટલે આવતી કાલથી ત્રણ દિવસ રાજ્યમાં છૂટાછવાયા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. તો ગુજરાતનો કચ્છથી જામનગર સુધીનો દરિયો તોફાની બનવાની ચેતવણી આપવામાં આવી છે. દરિયામાં ૪૦થી૫૦ કિમીની ઝડપે પવન ફુંકાવાની શક્યતા દર્શાવતા માછીમારોને પણ એલર્ટ કરાયા છે.

આ વખતે ઠંડીએ થોડી જમાવટ કરી અને હવામાન સુકુ થયું ત્યાં ફરી ગુજરાત ઉપર માવઠાનું ગ્રહણ લાગવાનું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુરુવારથી ત્રણ દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળે કમોસમી વરસાદની આગાહી કરાઈ છે. આ સાથે ગુજરાતનો



કચ્છથી જામનગર સુધીનો દરિયો તોફાની બનવાની પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ગુજરાતમાં મંગળવારે ઠંડીની વાત કરીએ તો, સૌથી નીચું તાપમાન નલિયામાં ૧૦ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે, જુનાગઢમાં ૧૨.૫, સુરેન્દ્રનગર ૧૩, જામનગર અને રાજકોટમાં ૧૩.૫, પોરબંદર અને કેશોદમાં ૧૪, મહુવા ૧૪.૭, ભાવનગર ૧૫, દ્વારકા ૧૬.૩ સે.તાપમાને ઠંડી નોંધાઈ છે. આજે ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં ૨૧મી તારીખ સુધી ગુજરાતના જખૌ, માંડવી કચ્છ, મુંદ્રા, ન્યુ કંડલા, મોરબી પાસે નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર એ દરિયાકાંઠા પાસે કલાકના ૪૦થી ૫૦ કિ.મી. અને મહત્તમ ૬૦ કિ.મી. સુધી પવન ફૂંકાવાની ચેતવણી આપવામાં આવી છે. જેના કારણે માછીમારોને આ દિવસોમાં દરિયો નહી ખેડવા તાકીદ કરાઈ છે. ઉત્તર-પશ્ચિમ ભારત ઉપર તા.૨૧ના વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ત્રાટકી રહ્યું છે જેની અસર રૂપે હવામાનમાં ફરી પલ્ટો આવશે. આવા માવઠાના સમાચારને કારણે ખેડુતોમાં પણ ચિંતા વ્યાપી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આજે ૧૯મી તારીખે, સૌરાષ્ટ્ર, કચ્છ અને દિવ દમણમાં વાતાવરણ વાદળછાયું રહેશે. આ સાથે, ૨૦ જાન્યુઆરીએ ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા સહિત કચ્છના વિસ્તારોમાં હળવો કમોસમી વરસાદ થઈ શકે છે. જ્યારે ૨૧ જાન્યુઆરીએ મહેસાણા, દ્વારકા, જામનગર, જૂનાગઢ, મોરબી, રાજકોટ અને પોરબંદરમાં હળવો વરસાદ થવાની આગાહી છે.તે ઉપરાંત દક્ષિણ ગુજરાત અને રાજ્યના બાકીના વિસ્તારોમાં હવામાન સુકું રહેવાની શક્યતાઓ છે. તેમજ ૨૩ જાન્યુઆરીએ વડોદરા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, છોટાઉદેપુર અને સુરતમાં હળવો વરસાદ વરસી શકે છે.

## ઉમેદવારોના ક્રિમિનલ રેકોર્ડ છૂપાવતા પક્ષોની નોંધણી રદ કરો, સુપ્રીમ અરજી માંગ કરી

નવીદિલ્હી,

હાલ ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે. એવામાં રાજકીય પક્ષો ક્રિમિનલ રેકોર્ડ ધરાવતા ઉમેદવારોની વિગતો જાહેર કરતા બચી રહ્યા હોવાના આરોપો સાથે મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે. જાહેર હિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૩ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સમાજવાદી પાર્ટીએ કુખ્યાત ગેંગસ્ટર નાહિદ હસનને કૈરાના બેઠક પરથી ટિકિટ આપી છે.

જોકે સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન નથી થયું અને ૪૮ કલાકની અંદર આ ગેંગસ્ટરનો ક્રિમિનલ રેકોર્ડ ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ અને સોશિયલ મીડિયામાં પ્રકાશિત નથી કરવામાં આવ્યું. સાથે એવી માગણી સુપ્રીમ કોર્ટમાં થઈ છે કે જે પણ પક્ષો ક્રિમિનલ રેકોર્ડની માહિતી જાહેર ન કરે તેવા પક્ષોની નોંધણી રદ કરવા ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટ આદેશ આપે.



સુપ્રીમ કોર્ટ આ અરજીની સુનાવણી માટે તૈયાર થઈ ગઈ છે. બીજી તરફ ઉત્તર પ્રદેશમાં ભાજપે ઉમેદવારોની અત્યાર સુધીમાં જે યાદી જાહેર કરી છે તેમાં ૨૫ ઉમેદવારો એવા છે કે જેમની સામે કોઈને કોઈ ક્રિમિનલ કેસ દાખલ છે. આવા ઉમેદવારોમાં ઉ. પ્રદેશના ઉપ મુખ્યપ્રધાન કેશવ પ્રસાદ મૌર્યનો પણ સમાવેશ થાય છે.

ભાજપે આવા ક્રિમિનલ કેસો ધરાવતા ઉમેદવારોને કેમ ટિકિટ આપી તેનું કારણ પણ જણાવ્યું છે. ભાજપે કેશવ પ્રસાદ મૌર્યને કેમ ટિકિટ આપી તેનું કારણ જણાવતા દાવો કર્યો છે કે તેઓ રાજ્યમાં પ્રખ્યાત છે, સમાજ સેવાના ઘણા કામ કર્યા છે. તેથી તેમના કામોના આધાર પર તેમને ટિકિટ આપવામાં આવી છે.

નિયમ અનુસાર જો કોઈ પક્ષો ક્રિમિનલ કેસો ધરાવતા ઉમેદવારોને ટિકિટ આપે તો તેની જાણકારી સોશિયલ મીડિયા, ઈલેક્ટ્રોનિક કે પ્રિન્ટ મીડિયાના માધ્યમથી મતદારો સુધી પહોંચાડવી ફરજીયાત છે. જોકે આવી કોઈ જ જાણકારી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર નાહિદ હસનને લઈને જાહેર કરવામાં નહોતી આવી તેવા આરોપો સાથે મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો છે અને તેની સુનાવણી માટે સુપ્રીમ તૈયાર થઈ ગઈ છે.

સુપ્રીમ કોર્ટમાં આ જાહેર હિતની અરજી વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. જેમાં તાત્કાલીક સુનાવણીની માગ પણ કરાઈ હતી અને દાવો કરાયો હતો કે રાજ્યોમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે તેથી આ અરજીની વહેલી તકે સુનાવણી કરવામાં આવે. અગાઉ સુપ્રીમ કોર્ટે જ આદેશ આપ્યો હતો કે ક્રિમિનલ રેકોર્ડને જાહેર કરવો રાજકીય પક્ષો માટે ફરજિયાત છે.

ઉત્તર પ્રદેશની કૈરાના કોર્ટે સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય નાહીદ હસનની જામીન અરજી ફગાવી દીધી હતી. હસનની ગયા સપ્તાહે ગેંગસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. જોકે હસને આ વખતની ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં કૈરાના બેઠક પર ઉમેદવારી કરી છે. તેને સમાજવાદી પાર્ટીએ ટિકિટ આપી છે. જોકે તેનો ક્રિમિનલ રેકોર્ડ છૂપાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ છે. બીજી તરફ ચૂંટણી નજીક હોવાથી હસને જામીન માટે ઉત્તર પ્રદેશની સાંસદો અને ધારાસભ્યો સામેના કેસોની સ્પેશિયલ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેને ન્યાયાધીશ સુબોધસિંહે નકારી દીધી છે.

## સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને તતડાવી નાંખી : લોકો સરકારની દયા પર નથી જીવતા, સરકાર વળતર ચૂકવીને ઉપકાર નથી કરતી

અમદાવાદ,

કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને વળતર ચૂકવવા મામલે થયેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં બુધવારે ચાલી રહેલી સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ધૂળ કાઢી નાંખી હતી. ગુજરાત સરકારને બરાબર તતડાવતાં કહ્યું હતું કે, સરકાર વળતર ચૂકવીને કોઈની પર ઉપકાર નથી કરતી અને મૃતકોના પરિજનોને વળતર ચુકવણીમાં વિલંબ નહીં ચલાવી લેવાય.

ગુજરાત સરકારે આ વિલંબ બદલ માફી માગતાં સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરીને કહ્યું હતું કે, સરકારો માફી માંગે એ નહિ ચાલે કેમ કે લોકો સરકારની દયા પર નથી જીવતા. કોર્ટે આકરો સવાલ પણ કર્યો હતો કે, કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને વળતર ચૂકવવા મામલે થયેલી અરજી નકારી કાઢો છો ત્યારે તેના માટે કોઈ કારણ આપો છો ?

આજની સુનાવણી દરમિયાન ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્વિકાર્યુ કે, સરકારી ચોપડે નોંધાયેલા મૃત્યુથી ઘણી વધુ અરજીઓ આવી છે.

## વિશ્વ પ્રસિધ્ધ બદરીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ ૫ ફેબ્રુઆરીએ નક્કી થશે

ઋષિકેશ,

વિશ્વ જાણીતા બદરીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ વસંત પંચમી શનિવાર પાંચ ફેબ્રુઆરીએ નરેન્દ્રનગર રાજમહેલમાં નક્કી થશે જયારે કેદારનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ મહાશિવરાત્રિના દિવસો ૧ માર્ચ મંગળવારે પંચ કેદાર ગદ્દીસ્થળ ઓકારેશ્વર મંદિર ઉખીમઠમાં નક્કી થશે આ દિવસે ગાડુ જુથ તેલ કલશ યાત્રાનો દિવસ નિશ્ચિત કરવામાં આવશે. બદરીનાથ કેદારનાથ મંદિર સમિતિના મીડિયા પ્રભારી ડો હરીશ ગૌડે કહ્યું કે કોરોના ગાર્ડન લાઈન તથા ઓમિક્રોનના ખતરાને જોતા કાર્યક્રમ ટુંકો આયોજીત થશે દરવાજા ખોલવાની તારીખ નક્કી કરવા હેતુ પાંચ મેના રોજ નરેન્દ્રનગર રાજમહલમાં સવારે ૧૦ વાગ્યાથી પુજા શરૂ થઈ જશે. જેમાં મહારાજા મનુજયેન્દ્ર શાહ,સાંસદ માલા રાજય લક્ષ્મી શાહ સહિત બદરીનાથ ધામના રાવત ઈશ્વરી પ્રસાદ નંબુદરી,બદરીનાથ કેદારનાથ મંદિરના અધ્યક્ષ અજેન્દ્ર અજય ઉપાધ્યક્ષ કિશોર પંવાર મંદિર સમિતિના તમામ સભ્યગણો મંદિર સમિતિના મુખ્ય કાર્યાધિકારી બીડી સિંહ વગેરે હાજર રહેશે.

## હવે ઉમેદવારોએ ડિજિટલનો પ્રચારનો ખર્ચ પણ બતાવવો પડશે

નવીદિલ્હી,

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને ડિજિટલ પ્રચાર માટે મંજૂરી આપી દીધી છે. તમે ડિજિટલ પ્રચાર માટે કેટલો ખર્ચ કર્યો? હવે તમામ ઉમેદવારોએ ચૂંટણી ખર્ચની વિગતો આપતી વખતે તેની વિગતો આપવાની રહેશે. જો કે, અગાઉ પણ ઉમેદવારો ડિજીટલ ઝુંબેશ પાછળ ખર્ચવામાં આવનાર રકમની માહિતી આપતા હતા. પરંતુ આ પ્રથમ વખત છે જ્યારે આવા ખર્ચની જાણ કરવા માટે કોલમ બનાવવામાં આવી છે.

કોવિડ-૧૯ ચેપના ફેલાવાને રોકવા માટે ચૂંટણી પંચે ૨૨ જાન્યુઆરી સુધી રેલી, રોડ શો, શેરી સભાઓ સહિત તમામ પ્રકારની શારીરિક રેલીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. આ પ્રતિબંધ બાદ હવે તમામ રાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર માટે ડિજિટલ અને ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા, પંજાબ અને મણિપુરની વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પંચ દ્વારા પ્રથમ વખત આ કોલમ ઉમેરવામાં આવી છે.

## કોરોનાએ વધારી લોકોની ચિંતા, બેરોજગારીમાં આ વર્ષે પણ વધારો થશે



નવીદિલ્હી,

કોવિડ સંક્રમણને કારણે વર્ષ ૨૦૨૨માં પણ બેરોજગારી ઉંચી રહેશે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરનાં અહેવાલ મુજબ, આ વર્ષે કામકાજનાં કલાકોમાં રોગચાળા પહેલાની સરખામણીમાં બે ટકાનો ઘટાડો થશે. આ ૫.૨ કરોડ પૂર્ણ સમયની રોજગારની સમકક્ષ હશે.

રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં બેરોજગાર લોકોની સંખ્યા ૨૦૭ મિલિયન સુધી પહોંચી શકે છે. જે વર્ષ ૨૦૧૯ કરતા ૨.૧ કરોડ વધુ છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૩ સુધીમાં વૈશ્વિક બેરોજગારીનો આંકડો મહામારી પહેલાનાં સ્તર કરતા વધારે રહી શકે છે. આઈએલઓનાં ડાયરેક્ટર-જનરલ ગાય રાયડરનું કહેવું છે કે કોવિડ સંકટનાં બે વર્ષ પછી પણ પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે. તેમણે કહ્યું કે ફરી નોકરીઓનો માર્ગ ધીમો અને અનિશ્ચિતતાઓથી ભરેલો હતો. ઘણા કામદારોને નવા પ્રકારનાં કામ તરફ વળવું પડે છે.

રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે રોજગાર પરની કુલ અસર અંદાજિત આંકડા કરતા વધારે હોઈ શકે છે. આનું કારણ એ છે કે મોટી સંખ્યામાં લોકોએ શ્રમબળ છોડી દીધું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૨માં શ્રમ દળની ભાગીદારી ૨૦૧૯ની સરખામણીમાં ૧.૨ ટકા ઓછી હોઈ શકે છે. કોરોનાનાં ડેલ્ટા અને ઓમિક્રોન જેવા વેરિઅન્ટનાં ઉદભવને આ કારણભૂત ગણવામાં આવે છે આઈએલઓ કામ કરેલા કલાકોની સંખ્યાનાં આધારે રોજગારમાં વધારો અથવા ઘટાડાની ગણતરી કરે છે. આ સંસ્થા અઠવાડિયામાં ૪૮ કલાક કામ કરવાના ધોરણનાં આધારે રોજગારની ગણતરી કરે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના સંક્રમણને કારણે લગભગ દરેક દેશમાં આર્થિક, નાણાકીય અને સામાજિક માળખું નબળું પડી રહ્યું છે. આ નુકસાનને રીકવર કરવામાં ઘણા વર્ષો લાગી શકે છે. રિપોર્ટ અનુસાર, ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં રીકવરી મજબૂત છે, જ્યારે નિમ્ન-મધ્યમ આવક ધરાવતા અર્થતંત્રો સૌથી ખરાબ સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વિનોદભાઈ કે. ડામોર

મુ. માલમહુડી, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુમિત્રાબેન તખતસિંહ પરમાર

મુ. દોલતપુરા, તા. ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શનિયાળા સેવા સહ. મંડળી લી.

મુ. જોરાપુરા, તા. ઘોઘંબા

મહિસાગર આવૃતિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર નગરમાં ઓટોરીક્ષા ચાલક એસોસિએશન દ્વારા કાયમી ધોરણે જગ્યા ફાળવવા માટે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

સંતરામપુર,

સંતરામપુર નગરમાં ઓટો રીક્ષાનું સ્ટેન્ડ ન હોવાના અભાવે તમામ ઓટો રીક્ષા ચાલકોની ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે, આના કારણે રીક્ષા ચાલકો પોતાની રોજગારી માટે ઓટો રીક્ષા સમયસર ફરાવી શકતા નથી. સંતરામપુર નગરમાં વર્ષોથી ઓટોરીક્ષા માટેનું કાયમી ધોરણે રીક્ષા સ્ટેન્ડના હોવાના કારણે ભારે મુશ્કેલી પડતી હોય છે. ઓટો રીક્ષા ચાલકો આના કારણે કોઈ જગ્યાએ કાયમી ધોરણે ધંધો કરી શકતા નથી. નગરનો વર્ષો જૂનો પ્રશ્ન હજુ સુધી નિકાલ કરવામાં આવેલ નથી. નગરપાલિકા પોલીસ ખાતું અને સરકારી તંત્ર દ્વારા અવારનવાર રીક્ષાચાલકોની હેરાનગતિ વેઠવી પડતી હોય છે. સંતરામપુર નગરનું એસટી ડેપો બન્યા પછી રીક્ષા ચાલકો માટે રીક્ષા ઉભી રાખવી પણ ભારે મુશ્કેલી પડી રહ્યું છે. આથી દસ વર્ષ અગાઉ પણ મામલતદારને રીક્ષાચાલકોએ આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ આજદિન સુધી તેનો નિકાલ કરવામાં આવેલો નથી. આજરોજ સંતરામપુરના ઓટો રીક્ષા ચાલક અને એસએસસીનું દ્વારા પ્રાંત અધિકારીની કાયમી ધોરણે ઓટોરીક્ષા સ્ટેશન ફાળવવા માટેની માગંણી કરી હતી.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# ઉત્તરકાશી ખાતે નિઃશુલ્ક બેઝીક અને એડવાન્સ પર્વતારોહણ તાલીમ કોર્ષ યોજાશે

લુણાવાડા,

રાજ્યના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અંતર્ગત કાર્યરત સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન માઉન્ટ આબુ દ્વારા માર્ચ ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૨ દરમિયાન નેહરૂ ઈન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેનિયરીંગ ઉત્તરકાશી ખાતે નિઃશુલ્ક બેઝીક અને એડવાન્સ પર્વતારોહણ તાલીમ કોર્સનું આયોજન કરવામાં આવ્યુ છે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યના ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા વ્યકિતઓએ તારીખ ૦૫મી ફેબ્રઆરી-૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહેશે. આ તાલીમમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોએ સાદા કાગળમાં અરજી કરવાની રહેશે. જેમાં પોતાનું પુરૂં નામ-સરનામું, ટેલિફોન નંબર, જન્મતારીખ, ઈ-મેઈલ એડ્રેસ, શૈક્ષણિક લાયકાત (માન્ય યુનિવર્સિટીની સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે. તદ્દઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, જન્મ અને રહેઠાણનો પૂરાવો, કોવિડ રસીના બન્ને ડોઝ લીધા હોય તેવું પ્રમાણપત્ર, ખડક ચઢાણનો કોચિંગ કોર્સ સફળતાપુર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર વગેરે અરજી સાથે જોડવાનાં રહેશે. ઉપરાંત માઉન્ટ આબુ/જુનાગઢ ખાતે માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. સંપૂર્ણ વિગતો સાથેની અરજી તા.૦૫/૦૨/૨૦૨૨ સુધીમાં આચાર્ય, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, સાધના ભવન, માઉન્ટ આબુ-૩૦૭૫૦૧ને હાર્ડકોપીમાં મોકલી આપવાની રહેશે તથા શારીરિક કસોટી માટે ઉમેદવારને બોલાવવામાં આવે ત્યારે સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે.

અત્રે ઉલેખનીય છે કે, ઉમેદવારોની લાયકાત, ગુણવત્તા તથા શારીરિક કસોટીના આધારે પસંદગી કરાશે. પસંદગી પામેલ ઉમેદવારોને તેમના વતનથી નેહરૂ ઈન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેનીયરીંગ ઉત્તરકાશી સુધી જવા-આવવાના પ્રવાસ ખર્ચ, ભોજન ખર્ચ તેમજ નિવાસ વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. અન્ય વ્યક્તિગત સાધન સામગ્રીની વ્યવસ્થા ઉમેદવારે જાતે કરવાની રહેશે. જયારે પસંદગી પામેલ ઉમેદવારને જાણ કરવામાં આવશે તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનરની યાદીમાં વધુમાં જણાવાયું છે.

## મુખ્યમંત્રી ગહલોતના ત્રણ નિર્ણય

# લઘુમતિઓના વિકાસ પર ૯૮ કરોડ રૂપિયા ખર્ચ થશે, અલગ અલગ યોજના પર ખર્ચ થશે

જયપુર,

મુખ્યમંત્રી અશોક ગહલોતે લઘુમતિ સમુદાયના સમાવેશી વિકાસ માટે રચાયેલ ૧૦૦ કરોડ રૂપિયાના વિકાસ કોષથી વિવિધ યોજનાઓમાં ૯૮ કરોડ ૫૫ લાખ રૂપિયા ખર્ચ કરવાના સંશોધિત પ્રસ્તાવને મંજુરી આપી છે.પ્રસ્તાવ અનુસાર લઘુમતિ સમુદાયના લોકોના પરંપરાગત હુનર વિકાસ માટે ૫૦ લાખ,લઘુમતિ શિલ્પકારોને પ્રોત્સાહન અને સહાયતા માટે ૧ કરોડ ૨૫ લાખ,જયપુરમાં અંગ્રેજી માધ્યમની આવાસીય વિદ્યાલયના નિર્માણ માટે ૨૧ કરોડ ૮૦ લાખ,લઘુમતિ સમુદાયના લોકોની રોજગારી માટે આંતરરાષ્ટ્રીય ભાષાઓની તાલીમ માટે ૨ કરોડ,વકફ ભૂમિ કે જાહેર ભૂમિ પર બનેલ કબ્રસ્તાન મદરેસા અને વિદ્યાલયોમાં ચાર દિવાલોના નિર્માણ માટે ૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે આ રીતે ૧૫ રાજકીય લઘુમતિ છાત્રાવાસોમાં ઈ અધ્યયન કક્ષ વિકસિત કરવા પર ૫૮ લાખ લઘુમતિ બહુમતિવાળા વિસ્તારોમાં આધારભૂત માળખા માટે પાંચ કરોડ,મૌલાના આઝાદ વિશ્વ વિદ્યાલય,જોધપુરમાં લઘુમતિઓના વિકાસ માટે શોધ પીઠની સ્થાપના માટે ૨ કરોડ લઘુમતિ કતિસાનોને સોલર પંપ અનુદાન યોજના માટે ૧૫ કરોડ ૪૨ લાખ તથા સધુમતિ મેધાવી યુવા પ્રોત્સાહન યોજના માટે ૧ કરોડ રૂપિયા ખર્ચ કરવાની મંજુરી આપી છે.



મુખ્યમંત્રી અશોક ગહલોતે જોધપુરમાં પાવટા ફળ શાકભાજી મંડી વિસ્તારમાં આધુનિક બસ સ્ટેન્ડ નિર્માણ માટે ૧૦ કરોડ રૂપિયાની વધારાની રકમની મંજુરી આપી છે.ગહલોતની આ મંજુરીથી પગપાળા યાત્રીકો,બે પૈડા અને ચાર પૈડાના વાહનોના બસ સ્ટેન્ડ પરિસરમાં આવરજવર ણોટો અને ટેકસી સ્ટેન્ડ બસોના માઈનર મેંટીનેંસ માટે મિની વર્ક શોપ સહિત અન્ય વિકાસ કાર્ય યોગ્ય રીતે થઈ શકે છે.

એ યાદ રહે કે આ આધુનિક બસ સ્ટેન્ડના નિર્માણ માટે પૂર્વમાં ૩૮ કરોડ રૂપિયાની મંજુરી આપી ચુકયા છે હવે મુખ્યમંત્રીએ વધારાના વિકાસ કાર્યો માટે ૧૦ કરોડ રૂપિયાની રકમ વધુ મંજુર કરી છે.

મુખ્યમંત્રી અશોક ગહલોતે ડો ભીમરાવ આંબેડકર કાયદા વિદ્યાલય જયપુરમાં સહાયક આચાર્યના પાંચ પદો ઉભા કરવાની મંજુરી આપી છે ગહલોતે અંગ્રેજી સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર રાજનીતિ વિજ્ઞાન તથા ઈતિહાસ વિષયના સહાયક આચાર્યના એક એક વધારાના પદ ઉભા કરવાની મંજુરી આપી છે.મુખ્યમંત્રીના આ નિર્ણયથી વિશ્વ વિદ્યાલયમાં શૈક્ષણિક ગતિવિધિઓના સંચાલનમાં સુગમતા થશે મુખ્યમંત્રીએ રાજકીય આચાર્ય સંસ્કૃત મહા વિદ્યાલય દૌસામાં આચાર્ય સ્તર પર સંચાલિત વિષયો માટે વ્યાખ્યાતાના પાંચ પદોને ઉભા કરવાની મંજુરી આપી છે ગહલોતના આ નિર્ણયથી શાસ્ત્રી સ્તરથી નવક્રમોન્નત થયેલ આ મહાવિદ્યાલયમાં આચાર્ય સ્તરની કક્ષાઓની અધ્યાપન સંભવ થઈ શકશે.

# મહીસાગર જિલ્લામાંથી દિવ્યાંગ કલ્યાણ પરિતોષિક માટે અરજીઓ મંગાવવામાં આવી

લુણાવાડા,

મહીસાગર જિલ્લા માટે વર્ષ -૨૦૨૦ ના શારીરિક ક્ષતિ ધરાવતા સ્ગ્રેસ્થ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ અને સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરીએ રાખનાર શ્રેસ્ઠ નોકરીદાતા તથા દિવ્યાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફિસર્સ કેટેગરીમાં રાષ્ટ્રીય અને ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ તરફથી આપવામાં આવનારમાં દિવ્યાંગ કલ્યાણ પરિતોષિક માટેઅરજીઓ મંગાવવામાં આવેછે. દિવ્યાંગ કલ્યાણ પારિતોષિક માટેની અરજીનો નમૂનો ખાતાની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in પરથી તથા જિલ્લા રોજગાર કચેરી મહીસાગર, સેવાસદન -૨,બીજા માળ ખાતે થી વિનામુલ્યે તા- ૨૧-૦૧-૨૦૨૨ સુધી માં મળી શકશે. જે તા. ૨૧-૦૧-૨૦૨૨ સુધી સ્વીકારશે, વધુ માહિતી માટે કચેરી ના હેલ્પ લાઈન નંબર (૦૨૬૭૪) ૨૫૦૩૦૬ પર સંપર્ક કરવા જિલ્લારોજગાર અધિકારી (જન) લુણાવાડા, મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મુલાયમ સિંહ યાદવના ઘરમાં ગાબડુ

# મુલાયમ સિંહ યાદવના મુલાયમના નાના પુત્ર પ્રતીકની પત્ની અપર્ણા યાદવ ભાજપમાં જોડાયા

લખનૌ,

મુલાયમ સિંહ યાદવની પુત્રવધૂ અપર્ણા યાદવ ભાજપમાં જોડાઈ ગઈ છે. અપર્ણા સપા સુપ્રીમો મુલાયમના નાના પુત્ર પ્રતીક યાદવની પત્ની છે. આ પ્રસંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહ અને ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય પણ હાજર હતા. દિલ્હીમાં ભાજપ મુખ્યાલય ખાતે અપર્ણા યાદવે કહ્યું કે હું હંમેશા ભાજપની વિચારધારાથી પ્રભાવિત રહી છું. યાદવે કહ્યું કે હું વડાપ્રધાન, સીએમ યોગી આદિત્યનાથ ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય સહિત તમામ પદાધિકારીઓનો આભાર માનું છું. હું મારી ક્ષમતા મુજબ જેટલું થઈ શકશે તે તમામ કામ કરીશ. અપર્ણાએ કહ્યું કે મારા માટે રાષ્ટ્ર ધર્મ સૌથી ઉપર છે અને હવે હું રાષ્ટ્ર માટે કામ કરવા જઈ રહી છું.




બીજી તરફ કેશવ પ્રસાદ મૌર્યએ આ પ્રસંગે કહ્યું કે અખિલેશ યાદવ પોતાનું જ ઘરમાં સંભાળવામાં નિષ્ફળ છે. હું આ પ્રસંગે વધુ કંઈ કહેવા માંગતો નથી. તેમણે કહ્યું કે સમાજવાદી પાર્ટીએ અમારી તમામ યોજનાઓનો શ્રેય લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેણે હજુ સુધી પોતાની સીટ જાહેર નથી કરી. મૌર્યએ કહ્યું કે ભાજપે પહેલી જ યાદીમાં મારી અને સીએમ યોગી આદિત્યનાથની સીટની જાહેરાત કરી છે. અખિલેશ યાદવે કહ્યું હતું કે તેમણે વિકાસ કર્યો છે. જો તેમનો આટલો વિકાસ થયો છે, તો પછી તેમને સુરક્ષિત બેઠક શોધવામાં આટલો સમય કેમ લાગી રહ્યો છે. ચૂંટણીનું જાહેરનામું બહાર પડયા પછી પણ તેઓ આટલો સમય લઈ રહ્યા છે.

સ્વામી પ્રસાદ મૌર્ય સહિત એક ડઝનથી વધુ ધારાસભ્યો ભાજપ છોડીને સમાજવાદી પાર્ટીમાં જોડાયા બાદ આ પગલું ભાજપ દ્વારા પલટવાર તરીકે જોવામાં આવી રહ્યું છે. ભાજપે હવે મુલાયમ પરિવારમાં ગાબડું પાડી દીધું છે. યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે પીએમ મોદી અને સીએમ યોગી આદિત્યનાથની કાર્યશૈલીથી પ્રભાવિત થઈને ઘણા લોકો ભાજપમાં જોડાવા માંગે છે. આ ક્રમમાં અપર્ણા યાદવ પણ ભાજપમાં જોડાઈ ગઈ છે.

અપર્ણા યાદવ મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર પ્રતીક યાદવની પત્ની છે. અપર્ણાએ ૨૦૧૭માં લખનૌ કેન્ટથી સમાજવાદી પાર્ટીની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી લડી હતી. પરંતુ તેઓ ભાજપના રીટા બહુગુણા જોશી સામે હારી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસોથી અપર્ણા ભાજપમાં જોડાશે તેવી અટકળો ચાલી રહી હતી.

# ગોધરા ખાતે ચ્હા ની કીટલી ચલાવતા ધનાભાઈ ગઢવીના પુત્રએ શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, નાસિરપુર (ગોધરા) પાસે ચ્હા ની કીટલી ચલાવતા અને ધનાભાઈ ગઢવીના સૌથી મોટા પુત્ર હિતેષભાઇ ગઢવી નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે અભ્યાસ કરતા હતા અને વર્ષ ૨૦૨૧માં BSc Physics વિષયમાં ૮૫.૩% સાથે સમગ્ર શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સીટી મા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આજરોજ યુનિવર્સીટી દ્વારા યોજાયેલ પદવીદાન સમરોહમાં તેમને માનનીય શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેમની આ સિદ્ધિ બદલ સમગ્ર સરકારી ઈજનેરી કોલેજ પરિવાર વતી આચાર્ય પ્રો. એ.કે. પટેલ, ડો. અમિત જે.પટેલ, પ્રો. હાર્દિક શુક્લ, પ્રો. વિપુલ ભટ્ટ વિગેરે અદ્યાપકોએ ખાસ અભિનંદન આપ્યા હતા. ધનાભાઈ ગઢવી એ જણાવ્યું હતું કે, મેં હિતેષને ખુબ મુશ્કેલીના સમયે પણ ભણવા માટે સતત પ્રોત્સાહિત કર્યો હતો. મને અમારા ભગવાન, અમારૂં સમગ્ર પરિવાર, નાસિરપુર ગામ તેમજ સ.ઈ.કો, ગોધરાના આચાર્ય પ્રો. એ.કે. પટેલ તેમજ તમામ સ્ટાફનો માર્ગદર્શન તેમજ જરૂરી સહયોગ બદલ ખાસ આભાર માન્યો હતો. આ ઉપરાંત હાલ તેઓ વિદ્યાનગર ખાતે M.Scનો વધુ અભ્યાસ કરી રહ્યા છે. ઉપરાંત તેમની youtube ચેનલ "edugadhvi" દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઓનલાઈન માર્ગદર્શન આપી રહ્યા છે. જેમાં આશરે ૭૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સબ્સ્ક્રાઇબરસ છે.




# પીપળાનું વૃક્ષ ક્યારેય પણ ઘરમાં કે ઘરની આસપાસ ન લગાવવું જોઈએ



પીપળના વૃક્ષનું હિન્દુ ધર્મમાં આદરણીય સ્થાન છે. એવું કહેવાય છે કે તેની નિયમિત પૂજા અને જળ ચઢાવવાથી વ્યક્તિ મોક્ષની પ્રાપ્તિ કરે છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ આ વૃક્ષને પોતાનો અવતાર ગણાવ્યો છે. લોકો પીપળના ઝાડ નીચે દીવો પ્રગટાવે છે, જળ ચઢાવે છે અને પૂજા કરે છે. પરંતુ તેને ઘરમાં મૂકવાની કે ઘરની આસપાસ મૂકવાની મનાઈ છે.

ઘણીવાર તમે જોયું હશે કે પીપળા લોકોની છત કે દીવાલોમાંથી જાતે જ બહાર આવવા લાગે છે. તેને જડવું અથવા કાપવું પ્રતિબંધિત છે. પરંતુ તેને ઘરમાં રહેવા દેવાથી તે દિવાલોને પણ નુકસાન પહોંચાડી શકે છે. કહેવાય છે કે ઘરમાં પીપળાને ઉપાડવાથી ઘરમાં પિતૃદોષનો અનુભવ થાય છે. આવી સ્થિતિમાં જો તમે પીપળને જડમૂળથી ઉખાડી નાખો તો તેને કોઈ બીજી જગ્યાએ લગાવો અને તેની નિયમિત પૂજા કરો. આનાથી તમને કોઈ પ્રકારનો દોષ નથી લાગતો.

શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે પીપળના ઝાડના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને અગ્રભાગમાં શિવનો વાસ છે. અથર્વવેદમાં લખ્યું છે કે 'અશ્વથ દેવો સદન, અશ્વત્થ પૂજિતે યાત્રા પૂજિતો સર્વ દેવતાહ્ન એટલે કે પીપળાની પૂજા કરવાથી તમામ દેવતાઓની પૂજા થાય છે. ધાર્મિક માન્યતા છે કે પીપળના ઝાડ નીચે જપ, તપ, યજ્ઞ, અનુષ્ઠાન અને સાધના કરવાથી અખૂટ ફળ મળે છે. આટલું જ નહીં નિયમિત રીતે પીપળને જળ ચઢાવવાથી પિતૃઓની કૃપા પણ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રો અનુસાર જે ઘરના સભ્યોમાં પીપળનું ઝાડ હોય કે આ ઝાડનો પડછાયો આવે છે, ત્યાંના સભ્યોની પ્રગતિ અટકી જાય છે. આવા ઘરમાં અનેક પ્રકારની સમસ્યાઓ મૂળ બની જાય છે. તેથી પીપળનું વૃક્ષ ક્યારેય પણ ઘરમાં કે ઘરની આસપાસ ન લગાવવું જોઈએ. તેનાથી ઘરમાં ગરીબી આવે છે. નકારાત્મકતા પ્રવર્તે છે.

# મધ્યપ્રદેશમાં દારૂ સસ્તો થશે, કરોડપતિ લોકો ઘરમાં બાર બનાવી શકશે

ભોપાલ,

મધ્યપ્રદેશમાં રાજ્ય મંત્રી પરિષદે આગામી નાણાકીય વર્ષ માટે નવી આબકારી નીતિ ૨૦૨૨-૨૩ અને હેરિટેજ વાઈન નીતિ ૨૦૨૨ ને મંજૂરી આપી છે. આ નવી પોલિસીથી જ્યાં આલ્કોહોલ સસ્તો થશે ત્યાં વાઈન અને વ્હિસ્કીના શોખીનો માટે વધુ તકો મળશે. આ પોલિસી હેઠળ ૧ કરોડ રૂપિયા સુધીની કમાણી કરનારાઓને પોતાના ઘરમાં બાર ખોલવાની આઝાદી મળી છે. હકિકતમાં, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નવી દારૂની નીતિને મંજૂરી આપતી વખતે એવો દાવો કરવામાં આવ્યો છે કે ગેરકાયદેસર અને બિન-માનક દારૂના ઉત્પાદન, પરિવહન, સંગ્રહ અને વેચાણને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાશે. નવી નીતિમાં દારૂના છૂટક વેચાણ દરમાં લગભગ ૨૦ ટકાનો ઘટાડો કરીને તેને વ્યવહારિક સ્તરે લાવી શકાય છે. તમામ જિલ્લાની દેશી-વિદેશી દારૂની દુકાનો પર નાના-નાના એક જૂથ પ્રમાણે કાર્યવાહી કરી શકાશે. તમામ દારૂની દુકાનો કમ્પોઝિટ શોપ હશે, જેથી ગેરકાયદેસર દારૂના વેચાણ માટેની સ્થિતિ સર્જાશે નહીં. આ સાથે જ નવી દારૂની નીતિમાં લોકોને ઘરે જ બાર બનાવવાની છૂટ આપવામાં આવી છે.

# ચીને કબજે કરેલી ભારતીય જમીન પર પુલનું કામ વધુ ઝડપી બનાવ્યું

નવી દિલ્હી,

લદ્દાખ સરહદે ભારત અને ચીન વચ્ચેનો વિવાદ હજુ પણ શાંત નથી થયો. એવા અહેવાલો છે કે પૂર્વી લદ્દાખના પેંગોંગ ત્સોની પાસે ચીન દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા નવા પુલને લઈને બન્ને દેશો વચ્ચે તંગદીલી ફરી વધી શકે છે.

ઓપન-સોર્સ ઈંટેલિજંસ એનાલિસ્ટ ડેમિયન સાઈમને હાલમાં જ આ પુલની સેટેલાઈટ તસવીરો જાહેર કરીને ચીનની પોલ ખુલ્લી પાડી હતી. આ તસવીરોમાં ચીન પુલ બનાવી રહ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ પુલની મદદથી ચીન સૈન્ય સામગ્રીઓને વધુ સરળતાથી સરહદે પહોંચતી કરી શકશે જેનાથી ભારતની મુશ્કેલી વધી શકે છે.

રિપોર્ટ અનુસાર લેકના ઉત્તરી વિસ્તારમાં રુતોગ સુધી પહોંચવા માટે ચીન આ પુલ બનાવી રહ્યું છે. આ પુલના બની જવાથી રુતોગ સુધી પહોંચવા માટે ચીની સૈન્ય માટે ૨૦૦ કિમીનું અંતર ઓછુ થઈ જશે.

સ્વીડનના ઉપ્સાલા યૂનિ.માં પીસ એંડ કંફ્લિક્ટ રિસર્ચ ડિપાર્ટમેંટના પ્રમુખ પ્રોફેસર અશોક સ્વૈને કહ્યું હતું કે સ્પષ્ટ સંકેતો છે કે ચીનનો આ વિસ્તારમાંથી પાછળ હટવાનો કોઈ જ પ્લાન નથી. ચીન જે વિસ્તારમાં આ પુલ બનાવી રહ્યું છે ત્યાં તેણે ૧૯૬૦ની આસપાસ કબજો કર્યો હતો.

ભારતે પણ કહ્યું છે કે ચીન જે વિસ્તારમાં પુલ બનાવી રહ્યું છે તેના પર તેણે ૧૯૬૦થી કબજો કર્યો છે. આ કબજાનો ભારતે ક્યારેય સ્વિકાર નથી કર્યો. ભારત અને ચીન વચ્ચે ૨૦ મહિનાથી પૂર્વી લદ્દાખમાં વિવાદ ચાલી રહ્યો છે.

બન્ને દેશોના સૈન્ય વચ્ચે અહીંની ગલવાન ઘાટીમાં હિંસક ઘર્ષણ પણ થઈ ચુક્યું છે અને ૧૪ વખત બન્ને દેશોએ વાતચીત પણ કરી છે. જોકે મામલો હજુ પણ ગુંચવાયેલો છે અને તેનું નિરાકરણ લાવવાના દાવા ચીન કરી રહ્યું છે પણ બીજી તરફ પુલ બનાવવા કે ગલવાનમાં પોતાનો ધ્વજ ફરકાવવા જેવા વિવાદો ચીન ઉભુ કરતું આવ્યું છે. હવે ચીન દ્વારા પૂર્વી લદ્દાખમાં બહુ જ ઝડપથી પૂલના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે તસવીરો સામે આવી છે કે ચીન પેંગોંગ લેક પર બહુ જ ઝડપથી પુલનું નિર્માણ કામ કરી રહ્યું છે. ચીન આ પુલને વહેલી તકે પૂર્ણ કરી લેવા માગે છે. તસવીરો પરથી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે જે વિસ્તારમાં ચીન આ પુલ બનાવી રહ્યું છે તે ભારતની જ જગ્યા છે અને તેના પર વર્ષો પહેલા તેણે કબજો કર્યો હતો. આ પુલનું નિર્માણ કામ ઝડપથી થઈ રહ્યું હોવાની તસવીરો હાલમાં જ ૧૬ તારીખે જ લેવામાં આવી હતી. તસવીરો પરથી સ્પષ્ટ દેખાઈ છે કે ચીને અહીં બહુ મોટી ક્રેન તૈનાત કરી છે. જેની મદદથી ચીન પુલ બનાવી રહ્યું છે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : માનસિક શાંતિનો અહેસાસ થશે, આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે, નોકરીમાં પ્રગતિ જણાશે, વ્યયસાયમાં ધનલાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.) : માનસિક પરેશાની જણાશે, કામમાં વધારે મહેનત કરવી પડશે, ધંધામાં સામાન્ય ફાયદો જણાશે, નાણાકીય તંગી અનુભવશો.

મિથુન (ક.છ.ઘ.) : કરેલો પુરુષાર્થ ફળદાયી બનશે, મોટા માણસોની ઓળખાણથી લાભ થાય, પરેશાનીઓમાંથી મુક્તિ મળે, ધંધામાં નવી આવક મળે.

કર્ક (ડ.હ.) : નવા કામકાજથી લાભ થાય, નજીકના સંબંધીથી સહયોગ મળશે, પ્રમોશન અથવા પગાર વધારાની તકો મળે, ધંધાકીય આવકમાં વધારો જણાશે.

સિંહ (મ.ટ.) : કામકાજમાં વ્યવહારું બનો, ધીરજથી કામની શરૂઆત કરવી, પરિવારમાં વૈચારિક મતભેદ રહેશે માનસિક તનાવ જણાય.

કન્યા (પ.ઠ.ણ.) : કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે, સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે, સંતાનોથી સારો લાભ જણાશે, નાના-મોટા રોકાણ માટે સાચવવું.

તુલા (ર.ત.) : અગત્યના કામને પ્રાધાન્ય આપો, રોજગાર માટે નવી તકો વિચારો, બુદ્ધિશક્તિનો ઉપયોગ કરી શકો, મહેનત કરશો તો સારું ફળ મળશે.

વૃશ્ચિક (ન.ય.) : કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે, શેરબજારમાં સારો લાભ થશે., વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા-પ્રવાસના કામથી લાભ થાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) : સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સૂચવાય, સ્વાસ્થ્ય બાબતે સાચવવું, વ્યવસાયમાં નવી તકો મળશે.

મકર (ખ.જ.) : ધાર્મિક કામકાજમાં રુચિ વધે, માનસિક બેચેની રહ્યા કરે, નોકરીયાત વર્ગને ખર્ચમાં વધારો થશે, ઘરમાં સામાન્ય અશાંતિ જણાય.

કુંભ (ગ.શ.ષ.સ.) : આવડતના ઉપયોગથી લાભ થાય, આર્થિક બાબતોમાં નવી તકો મળે, ધારેલા કામકાજમાં સફળતા મળે, વડીલો સાથે વૈચારિક અસમાનતા રહે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક અશાંતિ અનુભવશો, ધન સંબંધી ચિંતા અનુભવશો, ભાગીદારીવાળા કામમાં સાચવીને કામ કરવું, કામના પ્રમાણમાં ઓછું ફળ મળશે.

# દાહોદ જીલ્લામાં કોરોનાના કેસ બુધવારના રોજ ૭૫ નોંધાયા

દાહોદ,

દાહોદમાં કોરોના નો કાળો કેર વર્તાવ્યો છે આજે કોરોના સેન્ચુરીને પાર કરવા જઈ રહ્યું છે. ત્યારે આજે એકજ દિવસમાં ૭૫ કોરોના કેસો નોંધાંતાં દાહોદ જિલ્લાવાસીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. દાહોદની સરકારી હોસ્પિટલો હવે ધીમે ધીમે હાઉસફુલ થવા માંડી છે અને તેમાંય ખાસ કરીને કોરોના વોર્ડોમાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. દાહોદમાં આવનાર દિવસો પડકારરૂપ હશે તેમ કહી શકાય કારણ કે, હવે છેલ્લા બે દિવસથી ૫૦ ઉપરાંત કોરોના



આર.ટી.પી.સી.આર. ના ૧૫૫૬ પૈકી ૩૪ અને રેપીટ ટેસ્ટના ૮૩૭ પૈકી ૪૧ મળી આજે કુલ ૭૫ કોરોના પોઝીટીવ કેસો અર્બન વિસ્તાર રહ્યો છે. દાહોદ અર્બન વિસ્તારમાંથી ૩૧, દાહોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૦૭, ઝાલોદ ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૦, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૬, સીંગવડમાંથી ૦૪, ગરબાડામાંથી ૦૨, ધાનપુરમાંથી ૦૨, ફતેપુરામાંથી ૦૧ અને સંજેલીમાંથી ૦૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાંયાં છે. આજે દાહોદ જિલ્લાના તમામ વિસ્તારોમાંથી કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. કોઈ તાલુકાઓ આજે બાકી રહ્યો નથી. કોરોના સંક્રમણ ધીરે ધીરે શહેરી વિસ્તાર સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં પણ ફેલાઈ રહ્યું છે. કોરોના સંક્રમણને પગલે દાહોદ શહેર સહિત જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં કોરોના વોર્ડમાં દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અગાઉથી કોરોનાની ત્રીજી લહેરની સંભાવનાઓ વચ્ચે હોસ્પિટલમાં બેડોની વધારાની વ્યવસ્થા કરી દેવામાં આવી હતી પરંતુ હવે આવનાર દિવસોમાં કોરોના સંક્રમણ કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું. આ સિવાય દાહોદના ખાનગી હોસ્પિટલોમાં પણ સામાન્ય ફ્લુ જેવા કે, તાવ, ખાસી, શરદી વિગેરે જેવા દર્દીઓનો રાફડો ફાટ્યો છે. દાહોદમાં સરકારી હોસ્પિટલ સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. આવા સમયે દાહોદમાં કોરોના સંક્રમણનો ફેલાવવાની સંભાવનાઓ વધુ વ્યક્ત કરાઈ રહી છે. રાહતના સમાચાર એ છે કે, દાહોદમાં કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૩૪ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૬૨૭ ને પાર થઈ ગયો છે ત્યારે ૨૯૬ એક્ટીવ કેસો હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે.

## દાહોદ જીલ્લામાં કોરોના વધતા કેસને આરોગ્ય તંત્ર દોડતું થયું

લગભગ કોરોનાની મહામારી વચ્ચે કોરોનાની ત્રીજી લહેરની પરિસ્થિતિમાં દાહોદ જિલ્લો આગામી દિવસોમાં અમદાવાદ, વડોદરા અને સુરતને પણ પાછળ છોડશે તેમ લાગી રહ્યું છે. કારણ કે, કૂદકેને ભૂસકે જિલ્લામાં જે પ્રકારે કોરોનાના કેસો વધી રહ્યા છે. તે જોતાં ચોક્કસપણે આગામી દિવસોમાં દાહોદ જિલ્લામાં કોરોનાનો રાફડો ફાટશે તે નક્કી છે. પરંતુ સમગ્ર મામલે જો દાહોદ જિલ્લા વહીવટી તંત્ર તેમજ આરોગ્ય તંત્ર સફાળુ જાગીને કોરોના સંક્રમણને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધરશે તો ચોક્કસપણે પૂર્ણ સામે કાબુ મેળવી શકાશે પરંતુ હાલની પરિસ્થિતિ જોઈ તંત્રની કોઈપણ કામગીરી જોવાતી નથી. વહેલામાં વહેલી તકે આરોગ્ય તંત્ર તેમજ વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે નિયંત્રણો સહિત પગલાં લેવામાં આવે તે આવશ્યક બન્યું છે.

# દાહોદ જીલ્લામાં બે જુદા-જુદા સ્થળોએથી ૧.૮૬ લાખના દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર પ્રોહીના બનેલા બે જુદા જુદા બનાવોમાં પોલીસે કુલ રૂા. ૧,૮૩,૮૫૦ના વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોની અટકાયત કરી છે. જ્યારે અન્ય પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ઉઘલમહુડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી જાન્યુઆરીના રોજ રાજુભાઈ માધીયાભાઈ કનેશ (રહે. કઠીવાડા, જિ.અલીરાજપુરા, મધ્યપ્રદેશ) પોતાના કબજાની મોટરસાઈકલ પર વિદેશી દારૂનો જથ્થો લઈ ઉઘલમહુડા ગામેથી જંગલ વિસ્તાર તરફથી પસાર થઈ રહ્યો હતો અને આ વિદેશી દારૂનો જથ્થો દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાનમ ગામે



સજવાણ ફળિયામાં રહેતાં જયંતીભાઈ ઉર્ફે જેનુભાઈ વરસીંગભાઈ ડામોરને આપવા જતો હતો. આ દરમ્યાન પોલીસને મળેલ બાતમીના આધારે તેનો પીછો કરતાં રાજુભાઈએ પોતાની મોટરસાઈકલ પરનો વિદેશી દારૂ જંગલ વિસ્તાર તરફ ફેંકી નાસી ગયો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનો કુલ બોટલો નંગ. ૪૫૫ કિંમત રૂા. ૬૦,૩૫૦ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધપ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દાહોદ શહેરના ગોદી રોડ બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી જાન્યુઆરીના રોજ બાદલભાઈ અમરસીંગભાઈ સાંસી, પુજાબેન બાદલભાઈ સાંસી (બંન્ને રહે. દાહોદ, ગોદી રોડ, સીંગલ ફળિયા, તા.જિ.દાહોદ), કમીલાબેન નવલસીંગભાઈ કટારા અને મનીષાબેન નવલસીંગભાઈ કટારા (બંન્ને રહે. અમદાવાદ) આ ચારેય જણાએ એકબીજાના મેળાપીપણામાં દાહોદ ગોદી રોડ, સીંગલ ફળિયામાં પોતાના કબજાના મકાનમાં પ્રોહી જથ્થો રાખ્યો હોવાનો પોલીસને બાતમી મળતાં પોલીસે ગત તા.૧૮મી જાન્યુઆરીના રોજ મકાનમાં ઓચિંતો છાપો મારતાં બાદલભાઈ અને પુજાબેન બંન્ને પોલીસને ચકમો આપી નાસી ગયાં હતા. જ્યારે કમીલાબેન અને મનીષાબેન એમ બંન્ને પોલીસે ઝઢપી પાડી મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નગ.૯૫૦ કિંમત રૂા. ૧,૨૩,૫૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી ઉપરોક્ત ચારેય જણા વિરૂદ્ધ દાહોદ શહેર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા સંયોજક તાલીમ શિબીર યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સંયોજક તાલીમ શિબિર ૧૩૨- દાહોદ વિધાનસભા માં સમાવિષ્ઠ દાહોદ તાલુકા/શહેર ના સંયોજક, સહસંયોજકો, કન્વિનર અને સહકન્વીનરની ટ્રેનીંગ તારીખ ૧૮/૦૧/૨૦૨૨ ને મંગળવાર ના રોજ બપોરના ૨.૦૦ કલાકે પંકજ સોસાયટી, જમણવાડીમાં રાખવામાં આવેલ આ મીટીંગ માં દાહોદ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ નિનામા, દાહોદ ધારાસભ્ય વજેસિંહ પણદા, દાહોદ જીલ્લા પંચાયત વિપક્ષ નેતા કીરીટભાઈ પટેલ, દાહોદ વિધાન સભાના પ્રભારી હરીશભાઈ નાયક, દાહોદ શહેર કોંગ્રેસ પ્રમુખ ઈશ્વરભાઈ પરમાર, દાહોદ શહેર કોંગ્રેસ કા.પ્રમુખ આસીફઅલી સૈયદ, ડો. તાવીયાડ, મહેશભાઈ બબેરીયા, ડો. લેનવાલા, જીલ્લા પંચાયત સભ્યક્ષીઓ, તાલુકા પંચાયત સભ્યક્ષીઓ કાઉન્સિલરો કોંગ્રેસ પક્ષના હોદ્દેદારો અને કાર્યકરયક્ષીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન વ્રજભાઈ શાહ અને આભારવીધી અનીલભાઈ પરમારે કરી હતી.

# દાહોદ તાલુકાના ડેકલેરેશન સરપંચની ચુંટણીમાં બે મહિલા સભ્યએ ટેકો જાહેર કરતાં અન્ય સભ્યોમાં ભારે નારાજગી

દાહોદ,

દાહોદ તાલુકાના ગામે ડેકલેરેશન સરપંચની ચૂંટણીમાં ભારે વિરોધ નોંધાવ્યો છે. જેમાં ચૂંટાયેલ બે મહિલા સભ્ય સરકારી નોકરી કરતા હોવા છતાંય અને નોકરી ચાલુ હોવાના આક્ષેપો સાથે સભ્યોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો.

આજરોજ દાહોદ તાલુકામાં આવેલ મુવાલીયા ગામે ડેકલેરેશન સરપંચની ચુંટણીમાં બે મહિલા સભ્યને ટેકો જાહેર થતાં અન્ય સભ્યોમાં ભારે નારાજગી સાથે વિરોધ પ્રગટ થયો હતો. જાણવા મળ્યા અનુસાર, બંને મહિલાઓ સરકારી નોકરી કરે છે અને ચૂંટાઈ આવ્યા બાદ પણ સરકારી નોકરી કરતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. વધુમાં જાણવા મળ્યા અનુસાર સત્વરે સરકારી નોકરી અથવા સભ્ય પદેથી રાજીનામું આપે અન્ય ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યોએ માંગ કરી છે. ત્યારે સમગ્ર મામલે બે પૈકી એક મહિલા તેડાઘર ઘર તરીકે અને બીજી મહિલા આંગણવાડીમાં ફરજ બજાવતા હોવાની ચૂંટણી અધિકારીને આ મામલે રજૂઆત કરી હોવાનું પણ જાણવા મળે છે.

# ઝાલોદ શારદાબેન હોસ્પિટલમાં રસીકરણ કેમ્પ યોજાયો



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના માંડલેશ્વર ખાતે શારદાબેન જનરલ હોસ્પિટલમાં રસીકરણ કેમ્પ યોજાયો. જેમાં ઝાલોદ વિધાનસભા નાં ધારાસભ્ય ભાવેશભાઈ કટારા એ પણ બુસ્ટર ડોઝ લીધો હતો.

ઝાલોદ તાલુકાના પંચમુખી માંડલેશ્વર શારદાબેન જનરલ હોસ્પિટલ મહાદેવ મંદિર ટ્રસ્ટ માંડલેશ્વર ખાતે દ્વારા આયોજિત રસીકરણ અભિયાન કેમ્પ યોજાયો. ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય ભાવેશભાઈ કટારા એ પણ બુસ્ટર ડોઝ લીધો અને ૨૩૪ લોકો બીજો ડોઝ મુકવ્યા અને રસી લેવા અપીલ કરી. ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકો માટે રસીકરણ કરવામાં આવ્યું. આ કેમ્પમાં ૨૩૪ લોકોએ રસીનો બીજો ડોઝ લીધો આમ શારદાબેન જનરલ હોસ્પિટલમાં તમામ જનતાને રાહતદરે સારવાર કરવામાં આવશે.

# લીમખેડાની પીપળી પ્રા.શાળાના વિદ્યાર્થીઓને કાર્યપોથીનું વિતરણ કરાયું



લીમખેડા,

તા. ૧૯/૦૧/૨૦૨૨ના રોજ લીમખેડા તાલુકાની પીપળી પ્રા.શાળામાં ગામના આગેવાન એવા રમેશભાઈ ગારી દ્વારા શાળામાં અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થીઓ માટે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દાહોદ દ્વારા પ્રેરિત એફ.એલ.એન. વિદ્યાર્થી કાર્યપોથીનું વિતરણ કરવામાં આવ્યું તથા તેઓએ પોતે ગામના દરેક ફળીયા શિક્ષણમાં જઈ એફ.એલ.એન. પુસ્તીકાનું વિતરણ કર્યું


# ઝાલોદના બંબેલા ગામે એકટીવામાં લઈ જવાતો ૫૯ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બંબેલા ગામેથી પોલીસે એક્સિસ ટુ વીલ ગાડી ઉપર વિદેશી દારૂની હેરાફેરી કરતા બે વ્યક્તિઓને ઝડપી પાડી તેઓની પાસેથી વિદેશી દારૂનો રૂપિયા ૨૬,૯૮૦/-ના પ્રોહી જથ્થા સાથે બે વાહનો મળી કુલ રૂપિયા ૫૯,૪૯૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.

આજરોજ દાહોદ એસ.ઓ.જી પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના ગામ બેલા ગામે નદી પાસે વોચ ગોઠવી હતી તે સમયે પંકજ રતનલાલ કલાલ (રહે.જૂની આર.ટી. ઓ સામે, ઝાલોદ તાલુકો જિલ્લો દાહોદ) અને અજય રામુ ભાભોર (રહે. મુન ખોસલા, હોળી પીપળા, તાલુકો ઝાલોદ, જિલ્લો દાહોદ) નાઓ બંને તે સમયે ટુ વ્હીલ એકટીવા વાહન પર વિદેશી દારૂની હેરાફેરી કરતા હતા. પોલીસે ઉપરોકત બંને ઝડપી પાડી તેઓની પાસેથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૨૬,૯૮૦ના પ્રોહીબીશન જથ્થા સાથે બે મોબાઈલ ફોન તેમજ ટુ વ્હીલર એકટીવાની કિંમત મળી કુલ રૂપિયા ૫૯,૪૯૦/- નો મુદ્દામાલ કબજે કબજે કરી પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કક્ષાએ ચાર વિષયમાં સુવર્ણપદક પ્રાપ્ત કર્યાં



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૯/૦૧/૨૨, દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં અત્રેની કોલેજના ચાર વિદ્યાર્થીઓ મનિષાબેન ભાષાણી (રસાયણશાસ્ત્ર), હિતેશભાઇ ચારણ (ભૌતિકશાસ્ત્ર), પ્રિયંકાબેન પટેલ (પ્રાણીશાસ્ત્ર) અને હાર્દિકભાઇ બારીયા (વનસ્પતિશાસ્ત્ર)ને શ્રી ગોવિંદ ગરૂ યુનિવર્સિટી, ગોધરા દ્વારા આયોજિત તૃતીત પદવીદાન સમારોહમાં સુવર્ણપદક એનાયત કરી યુનિવર્સિટી દ્વારા સન્માનીત કરવામાં આવેલ છે.

આ ચાર વિદ્યાર્થીઓએ સુવર્ણપદક પ્રાપ્ત કરીને સમર્ગ યુનિવર્સિટીમાં સંસ્થા અને કોલેજને ગૌરવવંતી કરેલ છે. આ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે સંસ્થા અને કોલેજ પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# રાજ્યના વરિષ્ઠ નાગરિકોની મદદ માટે એલ્ડર હેલ્પલાઈન નંબર ૧૪૫૬૭ લોન્ચ કરાઈ

ગાંધીનગર,

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારે રાજ્યના વરિષ્ઠ નાગરિકોની મદદ માટે એલ્ડર હેલ્પલાઈન નંબર ૧૪૫૬૭ લોન્ચ કરતા કહ્યું કે, રાજ્યના વરિષ્ઠ નાગરિકોના સ્વસ્થ વૃદ્ધત્વ માટે રાજ્ય સરકાર વરિષ્ઠ નાગરિકોની હરહંમેશ પડખે છે. મંત્રી પ્રદીપભાઈ પરમારે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર રાજ્યના તમામ વર્ગોની સમસ્યાઓનો હકારાત્મક ઉકેલ લાવવા સતત પ્રયત્નશીલ છે. રાજ્યના વરિષ્ઠ નાગરિકોને પડતી નાની મોટી મુશ્કેલીઓના નિવારણ માટે હેલ્પ એજ ઈન્ડિયાના સહયોગથી રાજ્યમાં હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન રાજ્યના વરિષ્ઠ નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે એક મંચ તરીકે કામ કરી તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા મદદરૂપ થશે.

મંત્રી પરમારે આ અંગે વિશેષ જાણકારી આપતા જણાવ્યું હતું કે, ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજના તમામ વર્ગોની અને તેમાં ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો કે જેઓ તેમની ઢળતી જતી વયને કારણે ઘરની બહાર નીકળી શકતા નથી તેમજ, જૈફ વયે પોતાના સંતાનોની દુર્લક્ષતાને કારણે એકલતા અનુભવતા વડીલોની સરકાર દ્વારા વિશેષ સંભાળ લેવાય તે હેતુથી કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને હેલ્પ એજ ઈન્ડિયાના સહયોગથી એલ્ડર લાઈન ગુજરાત-૧૪૫૬૭ને મંજૂરી આપવામાં આવી હતી. જે અંતર્ગત મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આ હેલ્પલાઇન કાર્યરત કરવામાં આવી છે.

મંત્રી પરમારે કહ્યુ કે, હેલ્પ એઈજ ઇન્ડિયા એ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, પોલીસ વિભાગ, મહેસૂલ વિભાગ, આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગ્રામ-શહેરી વિકાસ વિભાગ, રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, તમામ મહાનગરપાલિકા સત્તામંડળ તેમજ વૃદ્ધોના ક્ષેત્રે કામ કરતી સરકારી માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ અને મંડળો સાથે સંકલનમા રહી વૃદ્ધોને લગતા પ્રશ્નો જેવા કે સાર-સંભાળ કાળજી, સલામતી, આરોગ્યની સેવાઓ, પરામર્શ, બચાવ અને પુનઃસ્થાપનની કામગીરી સહભાગિતાના ધોરણે કાર્ય કરશે.

પ્રદિપભાઈ પરમારે ઉમેર્યુ કે, આ હેલ્પલાઈન નંબર કાર્યરત કરવાનો ઉદ્દેશ્ય આધાર અને માર્ગદર્શન આપવા માટે દેશના દરેક વરિષ્ઠ નાગરિક સુધી પહોંચવું, વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે સરકારી યોજનાઓ અને કાર્યક્રમની માહિતીનો પ્રસાર કરવો, સરકારી કાર્યક્રમના અમલીકરણ સંબંધિત પ્રશ્નોની સુવિધા માટે પ્લેટફોર્મ પૂરું પાડવું, વરિષ્ઠ નાગરિકો માટે ફરિયાદ નિવારણ પદ્ધતિ પ્રદાન કરવી, વરિષ્ઠ નાગરિકોમાં આશા અને વિશ્વાસ કેળવવો, વરિષ્ઠ નાગરિકોની વિવિધ આવશ્યકતાઓને સમજવા માટે અને જરૂરી નીતિઓ-અમલીકરણ પદ્ધતિઓ બનાવવી, માહિતી, માર્ગદર્શન, ભાવનાત્મક ટેકો અને દુરુપયોગના કિસ્સામાં તાત્કાલિક સહાય પૂરી પાડવાનો છે.

# લીમખેડાના દુધીયા પ્રા.શાળા માંથી મોટર, પાઈપ લાઈન અને વાયરોની ચોરી કરી જતાં ફરિયાદ

લીમખેડા,

લીમખેડા તાલુકાના દુધીયા પ્રા.શાળા માંથી કોઇ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પાણીની મોટર, પાઈપ લાઈન તેમજ વાયરો મળી ૩૫ હજાર રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં આ બાબતે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લીમખેડા તાલુકાના દુધીયા પ્રા.શાળા માંથી ૧૭ જાન્યુઆરીની રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમો એ શાળાના કંપાઉન્ડમાં આવેલ બોરવેલ માંથી મોટર પાઈપ લાઈન અને વાયરો મળી તે ૩૫,૦૦૦/- રૂપીયાના મુદ્દામાલની ચોરી કરાઈ જતાં આ બાબતે શાળાના આચાર્ય દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# EVMના ઉપયોગને પડકારતી PILની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ તૈયાર

નવીદિલ્હી,

ભારતમાં ચુંટણીમાં મતદાન માટે મતપત્રકના બદલે ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન (ઈવીએમ)નો ઉપયોગ કરવામાં આવે છે. આ મશીનના ઉપયોગને પડકારતી એક જાહેર હિતની અરજીના કેસની સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટે બુધવારે મંજુરી આપી છે. આ અરજીમાં ચુંટણીમાં ફરીથી મતપત્રકનો ઉપયોગ કરવાની હિમાયત કરવામાં આવી છે.એમ એલ શર્મા નામના સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટે વ્યક્તિગત રીતે કરેલી અરજીમાં ચુંટણીમાં ઈફસ્ના ઉપયોગને દેશના બંધારણના ઉલ્લંઘન તરીકે ગણી પડકારવામાં આવી છે. દેશમાં ચૂંટણી અને મતદાન માટે રીપ્રેઝેન્ટેશ ઓફ પીપલ્સ એક્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ કાયદાનો અમલ સંસદમાં મંજુરી બાદ કરવામાં આવી રહ્યો છે. એડવોકેટ શર્માની એવી દલીલ છે કે EVMના ઉપયોગની જોગવાઈ કલમ ૬૧૭ હેઠળ આવે છે અને તેમાં મતપત્રકના બદલે મશીનનો ઉપયોગ કરવો જોઈએ એવો જે સુધારો કરવામાં આવ્યો તેને સંસદની મંજુરી મળી નથી તેથી તે ગેરબંધારણીય છે. આજે આ અરજી ચીફ જસ્ટીસ એનવી રામન્ના મુકતા તેમણે કેસની સુનાવણી થવી જોઈએ એવી મંજુરી આપી છે. અહી ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા વર્ષથી EVM મશીનમાં મતદાન બાદ ચેડાં થાય છે, તેમાં હેકિંગ શક્ય છે અને તેના આધારે મતદાન પછી પણ પરિણામ બદલી શકાય છે એવા આક્ષેપ વિવિધ રાજકીય પક્ષો કરી રહ્યા છે પણ ચૂંટણી પંચે હમેશા એવું વલણ અપનાવ્યું છે એકે ઈવીએમ થકી થતી ચૂંટણી સંપૂર્ણ નિષ્પક્ષ છે અને તેમાં ચેડાં કે હેકિંગનો કોઈ અવકાશ નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.126

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અને UPના રાજ્યપાલ આનંદીબેન પટેલની ઉપસ્થિતીમાં

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના ત્રીજા પદવીદાન સમારોહમાં ૧૧૨ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કર્યા

### શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી સંકુલનમાં રૂપીયા ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર સેન્ટર ફોર એકસલન્સ ભવનનું ઈ-ખાત મુહુર્ત કર્યું





- રાજ્યની યુનિવર્સીટીઓએ ગુણવત્તા માપદંડો માટે નેક એક્રેડીટેશન માટે પ્રયાસ કરવો જોઈએ.
- આદિવાસી સમાજના ઉત્થાનમાં શ્રી ગોવિંદ ગુરુનું અમુલ્ય પ્રદાન : આદિવાસી સમાજના શિક્ષણ, કૃષિ, મહિલાઓના વિકાસ માટે શ્રી ગોવિંદ ગુરૂ એ કરેલા પ્રયાસોનો અભ્યાસ કરવો જોઈએ : આનંદીબેન પટેલ.
- જ્ઞાન શકિતથી વનબંધુને વિશ્વબંધુ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ.

ગોધરા,

આદિવાસી બાહુલ્ય ધરાવતા પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે ૧૧૨ વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કર્યા હતા.

આ અવસરે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંકુલમાં રૂ.૧૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર સેન્ટર ફોર એક્સલન્સ ભવનનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષથી શિક્ષણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આરોગ્ય અને શિક્ષણને મહત્વ આપવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણથી લઈ ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ છે. તેમણે ઉમેર્યું કે આદિવાસી વિસ્તારોમાં વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે ગોધરામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૧૫ માં કરવામાં આવી હતી. જે આજે વટવૃક્ષ બની હજારો આદિવાસી વિદ્યાર્થીઓની કારકિર્દીનું ઘડતર કરી રહી છે. તેમણે ઉમેર્યું કે, આદિવાસી સમાજના ઉત્થાનમાં શ્રી ગોવિંદ ગુરૂનું અમૂલ્ય પ્રદાન છે. આદિવાસી સમાજના શિક્ષણ, કૃષિ, મહિલાઓના વિકાસ માટે તેમણે કરેલા પ્રયાસોનો અભ્યાસ થવો જોઈએ. વિદ્યાર્થીઓ તેમના જીવનનો અભ્યાસ કરીને તેમના જીવનમૂલ્યોને અનુસરે તે જરૂરી છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતની તમામ યુનિવર્સિટીઓએ નેક એક્રેડીડેશન માટે પ્રયાસ કરવો જોઈએ. શિક્ષણની ગુણવત્તાને કેન્દ્રમાં રાખીને ચાલવા માટે એ જરૂરી છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના અધ્યાપકોએ પણ અત્યારથી જ આ માટે પ્રયાસ કરવો જોઈએ.

આનંદીબેન પટેલે કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ અંગેની ભૂમિકા આપતા જણાવ્યું કે નવી શિક્ષણ નીતિના અમલથી હવે વિદ્યાર્થીઓ આત્મ નિર્ભર બનશે. તેમણે નવ પદવી ધારકોને ઉચ્ચ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી પોતાના જ્ઞાન અને કૌશલ્યનો સ્વની સાથે સમાજ અને દેશના વિકાસ માટે ઉપયોગ કરવા જણાવ્યું હતું.

જ્ઞાન શક્તિથી વનબંધુને વિશ્વબંધુ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા મુખ્મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલ માટે રાજ્ય સરકારે રોડ મેપ બનાવ્યો છે. આદિવાસી છાત્રોને પોતાના ઘરની નજીક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એવી વ્યવસ્થા કરાઈ છે. કોલેજના છાત્રો આત્મનિર્ભર બની રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપે તે જરૂરી છે. આ દિશામાં સરકાર દ્વારા કામ થઈ રહ્યું છે અને તેથી દેશમાં સ્ટાર્ટ અપમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીએ આર્ષ દર્શન કરીને સેક્ટરિયલ યુનિવર્સિટી બનાવી હતી. રક્ષા શકિત, રેલવે, ફોરેન્સિક, એનિર્જી, સંસ્કૃત, યોગ, ટેકનિકલ, ટીચર જેવા વિભાગો અને ક્ષેત્રો માટે આગવી યુનિવર્સિટી બનાવી અને કાર્યરત કરી હતી. આવા સેક્ટરિયલ સ્પેસિફિકેશનમાં ખાસ યુનિવર્સિટી હોય એવું ગુજરાત રાજ્ય એકમાત્ર છે. આ બાબત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રમાં થયેલો વિકાસ દર્શાવે છે.

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારમાં આવેલી આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી છાત્રો પોતાની શક્તિ અને જ્ઞાનનો લાભ દૂરદરાજના લોકોને મળે એવી રીતે કામ કરવાનું આહ્વાન કરતાં જણાવ્યું કે, ગરીબી નિર્મૂલન, કૃષિ અને આરોગ્ય જેવા ક્ષેત્રમાં હજુ વધુ યુવાનોની આવશ્યકતા છે અને પોતાની સુઝ તથા સમજથી લોકોની મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી આવિષ્કાર કરે તો જ તેમણે મેળવેલું જ્ઞાન-શિક્ષણ લેખે લાગશે. રાજ્ય અને રાષ્ટ્રના વિકાસ માટે અને ભારતને વિશ્વગુરૂ બનાવવા યુવાશક્તિનું યોગદાન મહત્વનું છે.

૨૧મી સદી જ્ઞાન અને નવપ્રવર્તનની છે એમ કહેતા મુખ્યમંત્રી પટેલે ઉમેર્યું કે રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના યુવાનો પણ દેશ અને દુનિયા સાથે કદમ મિલાવી આગળ વધે તે માટેની તમામ ભૌતિક વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૦ સુધી ગુજરાતમાં માત્ર ૪૦ યુનિવર્સિટી હતી અને તેની સામે આજે ૯૦ થી પણ વધુ વિશ્વ વિદ્યાલયો કાર્યરત છે.

જૂના પંચમહાલ ક્ષેત્રના આરાધ્ય એવા ગુરૂશ્રી ગોવિંદનું સ્મરણ કરતા મુખ્યમંત્રી પટેલે કહ્યું કે તેમણે અંગ્રેજો સામે લડીને દેશની આઝાદી માટે પોતાના પ્રાણની આહુતિ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી વિભૂતિઓની ગાથાને સન્માન આપી તેમના સ્મારક બનાવ્યા છે. આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન પ્રવૃત્તિને વેગવાન બનાવવા વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી આદિવાસી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની આહલેક જગાવશે તેવો વિશ્વાસ તેમણે અંતે વ્યક્ત કર્યો હતો.

શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે વ્યક્તિ અને સમાજનાં સર્વાંગી વિકાસમાં શિક્ષણની ભૂમિકાનું મહત્વ સમજતા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ત્યારબાદ આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે શિક્ષણક્ષેત્રે સતત નવા સુધારાઓ, નવી પહેલોને અમલી બનાવી શૈક્ષણિક સુવિધાઓના સતત અદ્યતનીકરણ અને વિસ્તરણની પ્રક્રિયા પર ભાર મુકયો હતો.જે પરંપરા વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર સશક્ત રીતે આગળ ધપાવી રહી છે.

તેમણે જણાવ્યું કે અંતરિયાળ વિસ્તારો સુધી પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણની શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને વિસ્તારના વંચિતો અને આદિવાસીઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં ભેળવવાના સરકારના પ્રયાસો સફળ થયા છે

તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા રાજ્યના દરેક ખૂણે, સ્થાનિક સ્તરે ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના સંકલ્પના ભાગરૂપે શરૂ કરાયેલ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી આજે વટવૃક્ષ બની છે અને તેના ફળ પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાના વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોરે કહ્યું કે, ગુજરાત સરકારે પંચમહાલમાં આદિવાસી વિસ્તારની પોતાની યુનિવર્સિટી બનાવી અને આદિવાસીઓના ગુરૂ અને સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રણેતા એવા ક્રાંતિકારી શ્રી ગોવિંદ ગુરૂ નામાભિધાન કરી આદિવાસીઓની શૌર્યતા અને અસ્મિતામાં અભિવૃદ્ધિ કરી છે. આદિવાસી છાત્રોને ઘર આંગણે જ ઉચ્ચ શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવી છે. આ છાત્રોને પોતાની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવવાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. તેનો લાભ અંતરિયાળ વિસ્તારના શિક્ષણ જગતને મળી રહ્યો છે.

પ્રારંભમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણે સૌનો આવકાર કરતા જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે વર્ષ ૨૦૧૫ માં પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર અને વડોદરા ગ્રામ્ય સહિત પાંચ જિલ્લાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણ મળે તે માટે ગોધરામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.૧૪૨ એકરમાં રૂ.૧૧૬ કરોડના ખર્ચે નિર્માણ થયેલ આ યુનિવર્સિટીના ભવનનું કામ પૂર્ણતાના આરે છે. માત્ર ૬૭ હજાર વિદ્યાર્થી, ૯૧ કોલેજ સાથે શરૂ થયેલ યુનિવર્સિટીમાં હાલમાં ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ અને પાંચ જિલ્લાની ૨૧૫ કોલેજો જોડાયેલી છે. યુનિવર્સિટીમાં હાલમાં ૬૪૦ વિદ્યાર્થીઓ પી.એચ.ડી કરી રહ્યા છે.અત્યાર સુધીમાં ૨૮,૫૩૬ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યા શાખાઓની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે યુનિવર્સિટીએ સ્થાપનાના ખૂબ જ ટૂંકા ગાળામાં હાંસલ કરેલ સિદ્ધિઓની વિસ્તૃત વિગતો આપી હતી. અંતમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ ડો.અનિલ સોલંકીએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે રાજ્ય મંત્રી નિમીષાબેન સુથાર, સાંસદ રંજનબેન ભટ્ટ, રતનસિંહ રાઠોડ, જશવંતભાઈ ભાભોર, ધારાસભ્યો સર્વ સુમનબેન ચૌહાણ, બચુભાઈ ખાબડ, અભેસિંહ તડવી, જીગ્નેશભાઈ સેવક, પૂર્વ રાજ્ય મંત્રી વસુબેન ત્રિવેદી, જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, અગ્રણી અશ્વિનભાઈ પટેલ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ડીન, ફેકલ્ટી, સિન્ડીકેટ, સભ્યો, પદાધિકારીઓ, કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ એજયુકેશન હબ બન્યા પછી નેતાઓએ સમાજ સાથે છેડો ફાડયો : આનંદીબેન પટેલ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી ગોધરા ખાતે ત્રીજા દિક્ષાંત સમારોહમાં આવેલ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે દાહોદ જીલ્લાના એજ્યુકેશન હબ બનાવવાની પ્રસંશા કરી તેનો હવાલો આપી ત્યાંના નેતા એમ.પી., એમ.એલ.એ. મંત્રી બની ગયા પછી સમાજ થી છેડો ફાડી નાખી સમાજનું કામ ન કરી પોતાનાં જ કામો કરવાનો ભાવ નેતાઓએ છોડી દેવો પડશે અને સમાજ કલ્યાણ માટે જ સર્વસ્વ સમર્પિત કરવાનો પ્રયાસ કરવો પડશે. તેવી નસીહત કરી.

ગોધરામાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી.૧૪૨ એકરમાં રૂ.૧૧૬ કરોડના ખર્ચે નિર્માણ થયેલ આ યુનિવર્સિટીના ભવનનું કામ પૂર્ણતાના આરે છે. માત્ર ૬૭ હજાર વિદ્યાર્થી, ૯૧ કોલેજ સાથે શરૂ થયેલ યુનિવર્સિટીમાં હાલમાં ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ અને પાંચ જિલ્લાની ૨૧૫ કોલેજો જોડાયેલી છે. યુનિવર્સિટીમાં હાલમાં ૬૪૦ વિદ્યાર્થીઓ પી.એચ.ડી. કરી રહ્યા છે.અત્યાર સુધીમાં ૨૮,૫૩૬ વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યા શાખાઓની પદવી એનાયત કરવામાં આવી છે.તેમણે યુનિવર્સિટીએ સ્થાપનાના ખૂબ જ ટૂંકા ગાળામાં હાંસલ કરેલ.

## બધાંને જ સરકારી નોકરી નહીં મળે : આનંદીબેન પટેલ

ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના ત્રીજા દીક્ષાંત સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે ૧૧૨ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કર્યા હતા. આ અવસરે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે જણાવ્યું કે, આપણાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આત્મનિર્ભર ભારત છે. દરેક વિદ્યાર્થીઓએ હવે આત્મનિર્ભર બનવું પડશે કેમકે, આજની પરિસ્થિતી એ છે કે સર્ટીફિકેટ લઈને વિદ્યાર્થીઓ રાહ જુએ છે કે, સરકારી નોકરી કયારે મળશે. પરંતુ હવે ડીગ્રી મેળવ્યા બાદ બધાંને જ સરકારી નોકરી નથી મળવાની એ સમજીને ચાલવું અને આપણાં જનપ્રતિનિધીએ પણ આ સમજીને ચાલવું સાથે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવ્યા બાદ દરેક વિદ્યાર્થીઓએ આત્મનિર્ભર બનવા જણાવ્યું હતું.

## સમાજ માંથી કુપોષણની સમસ્યાને નિવારણ માટે સહયોગ આપવા આનંદીબેન પટેલની હાંકલ

ભારતને ટી.બી મુક્ત બનાવવાના વડાપ્રધાનના સ્વપનને સાકાર કરવા ખાનગી અને સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓ આગળ આવી પોતાનો સહયોગ આપવા તેમણે અનુરોધ કરી સમાજમાંથી કુપોષણની સમસ્યાના નિવારણ માટે સહયોગ આપવા જણાવ્યું હતું. તેમણે વિશ્વ વિદ્યાલયોને ગામડાઓમાં મહિલા, બાળકોની સમસ્યાઓના સમાધાન માટે સહિયારા પ્રયાસોથી જવાબદારી અદા કરવા પર ભાર મૂક્યો હતો. પટેલે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં ક્રાંતિકારીશ્રી ગોવિંદ ગુરૂ વિશે ભાવિ પેઢી અવગત થાય તે માટે શોધપીઠ શરૂ કરવા સૂચન કર્યું હતું.

## ગોધરાના પાણી પુરૂ પડતી નર્મદાની મેઈન પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી પુરવઠો બંધ



ગોધરા,

ગોધરા પાલિકા વિસ્તારને પીવાનું પાણી પુરું પાડતી નર્મદાની મેઈન લાઈનમાં ભંગાણ થયેલ છે અને પાલિકા દ્વારા રીપેરીંગ કામ ચલાવવામાં આવી રહ્યું છે. જેને લઈ ૨૦ જાન્યુઆરીના રોજ પાણીનો પુરવઠો મળી શકશે નહિ.

ગોધરા નગરજનોને નર્મદા મુખ્ય કેનાલ થી પાઈપ લાઈન દ્વારા પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવે છે. ગોધરા શહેરને પીવાનું પાણી પુરું પાડતી પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાયેલ છે અને પાલિકા દ્વારા હાલ પાણીની પાઈપ લાઈનનું રીપેરીંગ કામ કરવામાં આવી રહ્યું છે. જેને લઈ ગોધરા પાલિકા વિસ્તારના નગરજનોને ૨૦ જાન્યુઆરી ગુરૂવારના રોજ પાણીનો પુરવઠો મળી શકશે નહિ તેવી જાણકારી પાલિકા દ્વારા આપવામાં આવી છે.

## જમીન કૌભાંડમાં સંડોવાયેલા પત્રકારના આગોતરા જામીન નામંજૂર થતા કાલોલમાં હાહાકાર

કાલોલ,

વરણામા પોલીસ સ્ટેશનમાં ૦૩/૦૧/૨૦૨૨ ના રોજ સ્વ. જગદીશચંદ્ર ઉપાધ્યાયની ખોટી વંશાવલી બનાવતા પારૂલ સહિત છ આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલા હતા. જેમાં પારૂલના બનેવી જે કાલોલ લાડ. કો.ઓ. બેંક મેનેજર તેમજ ધી એમ.જી.એસ. હાઈસ્કૂલના મહામંત્રી તરીકેના પદો ધરાવતા હોય, તેમજ કાલોલમાં કહેવાતા પત્રકાર તરીકે ઓળખ આપતા વિરેન્દ્ર મહેતાનું આરોપી તરીકે નામ બહાર આવતા. વિરેન્દ્ર મહેતા અંદાજીત ૧૦દિવસ ઉપરાંતથી ગભરાઈ જઈ નાસી છૂટયો હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, મુખ્ય આરોપી પારૂલ વરણામા પોલીસના હવાલે છે. જ્યારે પેઢીનામું તૈયાર કરનાર તલાટી દેવલોક પામ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે અન્ય ચાર આરોપીઓ હજુ સુધી પોલીસ પકડની બહાર છે. જેમાંનો એક કાલોલના વિવિધ સંસ્થા સાથે જોડાયેલા અને હાલના કહેવાતા પત્રકાર વિરેન્દ્ર મહેતાએ જમીન કૌભાંડના સકંજામાંથી છુટવા તેમજ પોલીસ કસ્ટડીના ડરથી વડોદરા સેશન્સ જજની કોર્ટમાં આરોપીએ પોતાના વકીલ રોકી આગોતરા જામીન અરજી કરી હતી. પરંતુ ૧૭ જાન્યુઆરીના રોજ વડોદરા સેશન્સ કોર્ટમાં સુનાવણીમાં સરકારી વકીલ દ્વારા ધારદાર રજૂઆતો થતા ૧૮ જાન્યુઆરીના રોજ જામીન નામંજૂરનો ચુકાદો આવતા. કાલોલનો કહેવાતો ખ્યાતિનામ પત્રકાર હવે ભૂગર્ભમા સંતાઈ જઈ પોલીસ સાથે સંતાકુકડીની રમત રમશે કે શું ? જો કે હવે પોલીસની ભૂમિકા જોવાની રહી છે. ઉલ્લેખનીયએ છે કે, વિવિધ સંસ્થાઓ જોડાયેલા તેમજ કાલોલના કહેવાતા પત્રકાર વિરેન્દ્ર મહેતાને હવે ઉપલી કોર્ટમાં અરજી કરવા માટે સંતાકૂકડી રમવાનો વારો આવી ગયો છે. શું હવે સંતાકૂકડીની રમત રમતા વિરેન્દ્ર મેહતાને વચગાળાના સમય દરમિયાન પોલીસ દબોચી શકશે કે નહીં તે હવે જોવું રહ્યું...!!

## હાલોલ પાલિકાના કર્મચારીઓને પડતર માંગણીને ૨૪ જાન્યુઆરીથી ઓફિસ કામગીરી બંધ કરવાની ચિમકી ઉચ્ચારી

હાલોલ,

હાલોલ નગર પાલિકામાં વર્ષોથી કામ કરતા કેટલાક કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ સહિતના પ્રશ્નોને લઈને ચીફ ઓફિસરને લેખિત પત્ર પાઠવી પોતાની રજૂઆત કરી છે. જેમાં પોતાની માંગણીઓ નહીં સ્વીકારાય તો આગામી તારીખ ૨૪/૦૧/૨૦૨૨ થી ઓફિસ કામથી વેગળા થઈ ઓફિસની કામગીરી બંધ કરવાની ચીમકી આપતા હાલોલ નગરપાલિકા કચેરી ખાતે ચકચાર મચી જવા પામી છે. હાલોલ નગર પાલિકા ખાતે વર્ષોથી ફરજ બજાવતા નગર પાલિકાના કેટલાક કર્મચારીઓ નગર પાલિકાના ચીફ ઓફિસરને એક લેખિત પત્ર પાઠવી પોતાની વિવિધ માંગણીઓને લઈને અસરકારક પગલાં ભરી તાત્કાલિક નિકાલ લાવવા માટેની માંગણી કરવામાં આવી છે. જેમાં પત્રમાં જણાવ્યા અનુસાર હાલોલ નગર પાલિકાના આરોગ્ય શાખામાં હાલમાં ૩૪ જેટલા સફાઈ કામદારોની ભરતી કરવામાં આવી છે. જેમાં આરોગ્ય ખાતામાં કેટલાય સમયથી રોજમદાર સફાઈ કામદારો કામ કરી રહ્યા છે. માટે આરોગ્ય વિભાગમાં કાયમી સફાઈ કામદારોની નવી ભરતી થતા રોજમદાર કામદારોને તાત્કાલીક અસરથી છુટા કરી નગરપાલિકાનો મહેકમ ખર્ચ ઘટાડવા માટેની માંગણી કરવામાં આવી છે. તેમજ હાલોલ નગરપાલિકા ખાતે વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓના પગાર વધારો છેલ્લા કેટલાય સમયથી કરેલ નથી. તેમજ તેઓને કાયમી કરવામાં આવેલ નથી જેની અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય નિકાલ ન આવતા અને વહીવટી તંત્ર દ્વારા રજૂઆતોને અવગણવામાં આવી રહી છે. જેને લઈને નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા લેખિત પત્રમાં રજૂઆત કરી તાત્કાલિક અસરથી રોજમદાર સફાઈ કામદારોને તાત્કાલિક છુટા કરી મહેકમ ખર્ચમાં ઘટાડો કરવા તેમજ પાલિકામાં વર્ષોથી છુટા કરી મહેકમ ખર્ચમાં ઘટાડો કરવા તેમજ પાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓનો પગાર વધારો કરી કાયમી કરવાની માંગણી કરવામાં આવી છે. જો આગામી તારીખ ૨૧/૦૧/૨૦૨૨ સુધીમાં રોજમદાર સફાઈ કામદારોને છૂટા નહીં કરવામાં આવે તો આગામી તારીખ ૨૪/૦૧/૨૦૨૨ના રોજથી તમામ કર્મચારીઓ ઓફિસથી કામગીરીથી વેગળા થઈ ઓફિસ કામગીરી બંધ કરી દેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે. જ્યારે નગરપાલિકા દ્વારા ઓફિસ સ્ટાફનો પગાર વધારો તેમજ કાયમી કરવાના પ્રશ્ને નિરાકરણ કર્યા વિના કોઈપણ પ્રકારની ભરતી પ્રક્રિયા કરવામાં આવશે તો કાયદાની જોગવાઈ તેમજ લોકશાહીના માનવ અધિકારના હકક મુજબ આગળના પગલા ભરવાની પણ ચિમકી પત્રમાં આપવામાં આવતા હાલોલ નગરપાલિકા કચેરી ખાતે ચકચાર મચી જવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં વધુ ૪૨ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોનાએ ભરડો લઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૪૨ કોરોના પોઝીટીવ નોંધાવા પામ્યા છે. ૩૧ દર્દીઓ કોરોના મુકત થતાં રજા અપાઈ છે. જીલ્લામાં એકટીવ દર્દીની સંખ્યા ૧૯૫ નોંધાવા પામ્યા છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લઈ રહ્યો છે. જીલ્લામાં પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ઉત્તરોત્તર વધી રહ્યો છે. તે જીલ્લામાં ચિંતાનો વિષય બન્યો છે. જીલ્લામાં વધતા આરોગ્ય વિભાગ સર્તક બન્યું. જીલ્લાવાસીઓને કોરોના સંક્રમણના લક્ષણ જણાય તો કોરોના ટેસ્ટીંગ કરાવી લેવા તેમજ કોવિડ ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરી માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સની અમલવારી કરવા અપીલ કરી રહી છે. સાથે કોરોના સંક્રમણ થી બચવા માટે જે લોકોને કોરોના વેકસીનનો પહેલો અને બીજો ડોઝ લીધો ન હોય તેને વેકસીન લઈ સૂચન કર્યું છે. જીલ્લામાં આજરોજ કોરોના પોઝીટીવના ૪૨ દર્દીઓ નવા નોંધાવા પામ્યા છે. શહેરી વિસ્તારોમાં ૨૫ જ્યારે ગ્રામીણ વિસ્તારમાં ૧૭ કોરોના સંક્રમિત દર્દીઓ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે જીલ્લામાં કોરોના રીકવરી રેટ પણ સારો નોંધાઈ રહ્યા છે. આજરોજ ૩૧ કોરોના દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં એકટીવ દર્દીની સંખ્યા ૧૯૫ થવા પામી છે. તે જીલ્લાવાસીઓ ભારે ચિંતાનો વિષય બન્યો છે. હજી કોરોના લોકોની વચ્ચે છે. ત્યારે પોતાના તેમજ પરિવાર આરોગ્યની ચિંતા કરીને કોરોના સંક્રમણથી બચવા માટે કોવિડ ગાઈડ લાઈનનું પાલન જીલ્લાવાસીઓ કરે તે જરૂરી છે.

- ગોધરાના ધારાસભ્ય સી.કે રાઉલજીનો કોરોના રિપોર્ટ આવ્યો પોઝિટિવ.
- ધારાસભ્ય હાલ હોમ આઈસોલેશનમાં લઈ રહ્યા છે સારવાર.
- ધારાસભ્ય એ સોશિયલ મીડિયા મારફતે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાનું જણાવ્યું.

**પંચમહાલ જીલ્લામાં આજે નોંધાયેલ કોરોના પોઝીટીવ સંખ્યા**

| | |
|---|---|
| ગોધરા | ૧૭ |
| હાલોલ | ૦૬ |
| કાલોલ | ૦૧ |
| શહેરા | ૦૧ |
| ગોધરા (ગ્રામ્ય) | ૧૨ |
| હાલોલ (ગ્રામ્ય) | ૦૧ |
| કાલોલ (ગ્રામ્ય) | ૦૨ |
| શહેરા (ગ્રામ્ય) | ૦૨ |

## ગોધરાના રાયસિંગપુરા ખાતે ગ્રામ પંચાયતની ડેપ્યુટી સરપંચ ચૂંટણી રસાકસીભરી યોજાઈ



ગોધરા,

ગોધરા તાલુકાના રાયસિંગપુરા ખાતે ગ્રામ પંચાયતની ડેપ્યુટી સરપંચ ચૂંટણી ભારે રસાકસીભરી વચ્ચે યોજાઈ હતી. જેમાં ડેપ્યુટી સરપંચની ચૂંટીનીમાં સૂરપાલસિંહ હઠીસિંહજી રાઠોડ ડેપ્યુટી સરપંચ તરીકે બિન હરીફ ચૂંટાઈ આવ્યા હતા. ગોધરા તાલુકાના રાયસિંગપુરા ગ્રામપંચાયતની ચૂંટણી ૧૮ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. જેમાં સરપંચ તાલુકા પંચાયત ગોધરાના પ્રતિનિધિ ગોહિલ અને સરપંચ કમલેશકુમાર કાંતિલાલ પરમાર તથા તલાટી કમ મંત્રી હાજરીમાં હતા. જેમાં ડેપ્યુટી સરપંચ તરીકે સૂરપાલસિંહ એચ. રાઠોડને જાહેર કરતાંની સાથે તેમના સમર્થકોમાં ભારે ખુશીની લહેર છવાઈ હતી. તેમના સમર્થકો અને ઉપસ્થિત સૌએ અભિનંદન પાઠવ્યા હતા. તેમની વરણી થતાં ગામમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો.